Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ
# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
C.D.O. PRAKASH SAMIKSHA
Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in
RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૮ • તા.૦૬ થી ૧૨ જુલાઇ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## રાપરગઢવારી જિનાલયે ભવ્ય ધ્વજા મહોત્સવની ઝલક



ભુજથી રાપર બસ દ્વારા પધારતા યાત્રિકો



શ્રી લલિતભાઇ લોડાયાનું સ્વાગત કરતા શ્રી પુનશીભાઇ લોડાયા



ચંદ્રીકાબેન લોડાયાનું સ્વાગત કરતા ધનવંતીબેન



ગામમાં પધારતા શ્રાવકગણ



ગામમાં પધારતા શ્રાવિકાગણ



નુતન ઉપાશ્રય સંકુલ



પૂ.મુનિ કંચનસાગરજી મ.સા. દ્વારા મંત્રોચ્ચાર સાથે વાસક્ષેપ છાંટણા



નૂતન ઉપાશ્રય સંકુલનો સંઘ અર્પણવિધિ કરતા માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર



મા. વેલબાઇ લઘુભાઇ લોડાયા પરિવાર દ્વારા ૧૮ અભિષેક અનુષ્ઠાન



ચંદ્રદર્શન કરાવતા મા. વેલબાઇ લઘુભાઇ લોડાયા પરિવાર



મા. વેલબાઇ લઘુભાઇ લોડાયા પરિવાર દ્વારા મહા આરતી



શાંતિકળશ વિધાનમાં મા. વેલબાઇ લઘુભાઇ લોડાયા પરિવાર

# રાપરગઢવારી જિનાલયે ભવ્ય ધ્વજા મહોત્સવની ઝલક



શ્રી હિતેશભાઇ મોતાનું ગામવાસીઓ
દ્વારા હાર્દિક સ્વાગત



મૂળનાયક શ્રી ગોડીયા પાર્શ્વનાથજી



સતરભેદી પુજામાં નૈવેદ પાટ અને નૂતન ધજાઓ



પૂજામાં શ્રી લલિતભાઇ ટોકરશી લોડાયા પરિવાર



નૂતન ધ્વજા લઇ પ્રદક્ષિણા કરતા
શ્રી લલિતભાઇ ટોકરશી લોડાયા પરિવાર



નૂતન ધ્વજા સાથે સર્વશ્રી પુનશીભાઇ, કલ્પેશભાઇ
લલિતભાઇ અને હિતેશભાઇ મોતા



જિનાલય શિખરે ધ્વજા સાથે સર્વશ્રી મિતેશભાઇ,
નિલેશભાઇ અને હિતેશભાઇ નાગડા



નૂતન ધ્વજાના દર્શન કરતા શ્રાવકો



ધ્વજા દર્શન કરતા શ્રાવિકાગણ



પૂજા ભણાવતા વિધિકાર-સંગીતકાર મંડળી



પુ. મુનિશ્રી કંચનસાગરજી અને ભાવિકો



શ્રાવિકાગણ



પૂજામાં ભાવમગ્ન શ્રી કલ્પેશભાઇ અને
શ્રી હિતેશભાઇ મોતા ચામર સાથે



પૂજા બાદ આરતી ઉતારતા
શ્રી લલિતભાઇ લોડાયા પરિવાર



શ્રી શાંતિકળશ કરતા શ્રી લલિતભાઇ લોડાયા પરિવાર



માતુશ્રી દેવકાબાઇ ટોકરશી લોડાયા પરિવાર



ધ્વજાના લાભાર્થી માતુશ્રી દેવકાબાઇ
ટોકરશી લોડાયા પરિવારજનો



ધ્વજા પ્રસંગે સૌને અપાયેલ પ્રભાવના



Congratulations

# મોતા અને દંડ પરિવારનું ગૌરવ

ચિ. જૈનમ std. 6thમાં 99.5% ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલ છે. આ ઉપરાંત Delhi Public School-Bharatpur નેશનલ સાયન્સ ઓલંપીયાડમાં ગોલ્ડ મેડલ મેળવી શાળાને બીજો ક્રમાંક અપાવેલ છે. હાર્દિક અભિનંદન...

## ગૌરવાન્વિત

દાદી-દાદા : લતાબેન લાલજી મોતા

મમ્મી-પપ્પા : નીતા મેહુલ મોતા

દાદાણાં : માતુશ્રી દેવકાંબાઇ હંસરાજ મોતા પરિવાર

નાનાણાં : માતુશ્રી લક્ષ્મીબેન ઉત્તમચંદ માણેકજી દંડ પરિવાર (લાલ-અમરાવતી)

**ચિ. જૈનમ મેહુલ મોતા**
(રાપરગઢવાલી-બયાના)
**std. 6th - 99.5%**

*With Best Compliments from*
**જૈનમ સ્ટોન એન્ડ જૈનમ ટેમ્પલ આર્ટ ફેમીલી**
(બયાના-રાજસ્થાન)

## હાર્દિક અભિનંદન



**કુ. જીનલ અતુલ ખોના**
(મોટીખાવડી-ઉદયપુર)

અમારી લાડલી ચિ. જીનલે, ૧૧મા ધોરણમાં ભણવા સાથે ફેશન ડિઝાઇનીંગનો કોર્સ કરી 'Junior must fashion designer'નો એવોર્ડ પ્રાપ્ત કરી અમારા પરિવારનું નામ રોશન કરેલ છે. તેનાં ભાવિ સાફલ્યની શુભેચ્છા સાથે અભિનંદન...

**શુભાશિષ**

માતા-પિતા : શ્રીમતી શોભા અતુલ પ્રભુલાલ ખોના
બહેન : ચિ. કાજલ અતુલ ખોના
દાદાણાં :
સ્વ. કોકીલાબેન પ્રભુલાલ જેતશી ખોના (મોટીખાવડી-સુરત)
નાનાણાં
સ્વ. નવલબેન હંસરાજ શામજી લાપસીયા (દલતુંગી-સાંતાક્રુઝ)

## હાર્દિક અભિનંદન



**ચિ. તારક જયેશ ખોના**
(નલીયા-ઉંઝા)

આપશ્રી વિદ્યાર્થીગૃહમાં અભ્યાસ કરી SSCમાં 81% સાથે ઉત્તીર્ણ થયા.

વિશેષમાં આપ **સ્વ. શ્રી સનતકુમાર શાહ સ્મૃતિમાં** વિદ્યાર્થીગૃહમાં રહી જ્ઞાતિ છાત્રોમાં SSC કે તેની કમકક્ષ પરીક્ષામાં વધુ ગુણાંકે ઉત્તીર્ણ થનારને અપાતી શિષ્યવૃત્તિ (Scholarship)ના હક્કદાર બન્યા છો. એ બદલ હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

**શુભેચ્છક**

શ્રી વી.લ. વિદ્યાર્થીગૃહનું સંચાલક મંડળ
પરિવારજનો અને મિત્રગણ

## હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ



### ચિ. બાદલ ગીરીશ લોડાયા

(વારાપધ્ધર વર્ધમાનનગર-કચ્છ)

અમારા લાડલા ચિ. બાદલ ગીરીશ લોડાયાએ SSC ની CBSE બોર્ડની પરીક્ષામાં 94% માર્કસ્ પ્રાપ્ત કરી પરિવારનું નામ રોશન કર્યું છે.

અમે સૌ પરિવારજનો એની ઉજ્વલ ભવિષ્યની કામનાઓ સાથે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

**શુભાશિષ**

દાદાણાં
શ્રીમતી વિમલાબેન શીવજી ટોકરશી લોડાયા પરિવાર (વારાપધ્ધર)

નાનાણાં
શ્રીમતી કલ્પનાબેન માણેકજી વીશનજી છેડા પરિવાર (નલીયા)

માતા-પિતા
શ્રીમતી શીલ્પાબેન-ગીરીશ શીવજી લોડાયા

**એવમ સમસ્ત લોડાયા અને છેડા પરિવાર**

## હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ



### ચિ. જીંકલ હરીશ લોડાયા

(વારાપધ્ધર વર્ધમાનનગર-કચ્છ)

(D.O.B. 3.9.1990)

અમારી લાડલી ચિ. જીંકલે M.Sc (Chemistry) પરીક્ષામાં 8.25/10 Credits પ્રાપ્ત કરી "A" ગ્રેડ મેળવી લોડાયા તથા લાપસિયા પરિવારનું ગૌરવ વધારેલ છે.

અમે સૌ પરિવારજનો હાર્દિક શુભકામના સાથે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. આપની પ્રગતિનાં સોપાન સર કરી ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરો તેવી અંતરની શુભેચ્છાઓ...

**શુભાશિષ**

દાદાણાં
માતુશ્રી વિમલાબેન શીવજી લોડાયા પરિવાર (વારાપધર-ડોંબિવલી)

નાનાણાં
માતુશ્રી સ્વ. ધનબાઇ દામજી લાપશીયા પરિવાર (સુથરી)

માતા-પિતા
શ્રીમતી નીરૂપમા હરીશ શીવજી લોડાયા (વર્ધમાનનગર)

**એવમ્ સમસ્ત લોડાયા અને લાપસિયા પરિવાર**

## દંડ અને લાપસિયા પરિવાર દ્વારા

### દ્વિતીય પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ....



અવનીપર અવતરણ
૨૯.૫.૧૯૫૮

પરલોક ગમન
૭.૭.૨૦૧૧

### જયંતીલાલ વેલજી દંડ (સેવક ભરુડિયા)

દિવસો ગણતા મહીના વિત્યા, વિત્યા બે વર્ષ, રહેવાને સદા દુનિયામાં કોઇ આવતું નથી. છતાં આજ તમે અમારી વચ્ચે નથી તેમ મન માનતું નથી. હે જીવનપથના સાથી, તમે આ જગતમાં એકલા આવ્યા ને સહુના બની ગયા, તમારા જીવનમાં અનેરી મહેક ફેલાવીને, સદગુણોના દીપ પ્રગટાવી ગયા. તમારી અને અમારી યાદોને અંતિમ સીમાચિન્હ બની ગયા, જીવનમાં અતિક્રમ પછી પણ સોનેરી મૂલ્યો સમજાવી ગયા, પણ તમે અચાનક પલકવારમાં ગયા અને સહુને એકલા કરી ગયા, એમની આંગળી પકડીને જગત જોતા શીખ્યા, એમના સાનિધ્યમાં જીવનનો મધુર રસ પીધો, જેના પરિણામ સ્વરૂપે અમારું જીવન બન્યું મધુર અમારી સર્વે ઇચ્છાઓ હેતસભર પૂર્ણ કીધી. છોડી ગયા તમે સ્નેહભીની યાદો, અમારા હૈયામાં છે હજારો મીઠી મધુર વાતો, હવે અમે અધુરા, તમારા વગર પપ્પા, તમારો પ્રેમ હતો પારાવાર, યાદ આવશે વારંવાર, આંખથી વહેશે અશ્રુધાર, તમારા વિયોગમાં વ્યાકૂળ છીએ. વંદનીય પપ્પાના આત્માને મોક્ષપદની પ્રાપ્તિ થાજો એજ પ્રભુ પાસે પ્રાર્થના, આપને નત મસ્તકે કોટી-કોટી વંદન...

| | | | |
|---|---|---|---|
| જીવનસંગિની | : લતા જયંતીલાલ દંડ | પુત્રી | : હિનલ અને મિલોની જયંતીલાલ દંડ |
| ભાઇ-ભાભી | : હર્ષા કિશોર દંડ, નીતા મણીકાંત દંડ | બહેન-બનેવી | : સરોજબેન રાજેન્દ્ર ખોના |
| માતા-પિતા | : પ્રમિલાબેન વેલજી દંડ | સાસુ-સસરા | : નવલબેન જીવરાજ લાપસીયા |

**એવમ શ્રી કેશવજી ગોવિંદજી દંડ સમસ્ત પરિવાર**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 28/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# તંત્રી સમીપે : 'અનંતછાયા'ના ચુકાદાના સૂચિતાર્થ પિછાણીએ

આખરે 'અનંતછાયા'ના વેચાણ અંગે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ લીધેલ નિર્ણયને તથા તે બાબતે ચેરીટી કમીશ્નરે આપેલ પરવાનગીને પડકારતી રીટ પીટીશનો, નામદાર હાઈકોર્ટે ગત ૪ જુલાઈના પોતાનો ચુકાદો આપતા ખારિજ કરી છે. આમ, સમગ્ર જ્ઞાતિમાં દોઢેક વર્ષથી વ્યાપી રહેલ ઉગ્ર ચર્ચા-વિવાદ અને ઉત્સુકતા-ઇંતેજારીનો એક રીતે અંત આવ્યો છે, પરંતુ આ વિવાદ અને ચુકાદો હજી પણ કેટલાક સમય સુધી જ્ઞાતિપ્રવાહમાં વખતોવખત આછા-ઘેરા વમળો સર્જતો જ રહેશે તે ચોક્કસ છે.

અલબત, આ ચુકાદાને લીધે હવે ટ્રસ્ટીઓ ટ્રસ્ટની મિલકતોના પુનર્વિકાસ હેતુસર તેનું વેચાણ કરી શકે છે તેવું સૈધ્ધાંતિક રીતે હાઈકોર્ટે સમર્થન આપ્યું છે તેવું કોઈએ માની લેવું નહી અને તે જ રીતે પીટીશનરોએ ઉઠાવેલા વિવિધ વાંધાઓને હાઈકોર્ટે બેબુનિયાદ ઠરાવ્યા છે તેવું માની લેવાની પણ જરૂર નથી. આ સ્પષ્ટતા એટલા માટે જરૂરી છે કે આ ચુકાદાને કારણે સામાન્યતઃ જ્ઞાતિજનોનો મોટો વર્ગ એમ માની લેવા પ્રેરાશે કે 'અનંતછાયા'ના પ્રો ટ્રસ્ટીઓ સાચા ઠર્યા છે અને વેચાણ સામે વાંધો લેનાર પીટીશનરો ખોટા પૂરવાર થયા છે. પરંતુ તેવું અનુમાન ભૂલ ભરેલ છે કારણ કે, આ ચુકાદો અમુક ચોક્કસ પ્રવર્તીત વસ્તુ-પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને અપાયેલ છે, જેમાં બે સંયોગોએ નામદાર ન્યાયમૂર્તિની વિચારણામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. એક તો, ૩૦,૦૦૦ જેટલા જ્ઞાતિજનોમાંથી ફક્ત બે જ્ઞાતિજનો જ આ વેચાણનો વિરોધ કરી રહ્યા છે તેવી એક છાપ અને બીજું ડેવલપરે ટ્રસ્ટને અત્યાર લગી વેચાણ કિંમત પેટે કરેલ રૂપિયા સાડા સાડત્રીસ કરોડની ચૂકવણી. આ બે પરિબળોનો ઉલ્લેખ નામદાર ન્યાયધીશ સાહેબે, ઉક્ત ચુકાદો જાહેર કર્યા પછી એક પીટીશનર વતી તે પર છ અઠવાડિયા માટે 'સ્ટેટસ કો' સ્વરૂપે સ્ટે આપવા અરજી કરાયેલ તેનો અસ્વીકાર કરતાં કરેલો, એટલે તે સૂચક છે.

નામદાર કોર્ટ પરત્વે સંપૂર્ણ આદર સાથે અને હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના કોઈપણ ચુકાદાનું વસ્તુલક્ષી (ઓબજેક્ટીવ) વિશ્લેષણ કરવાથી કોર્ટનું અપમાનથતું નથી તે સિધ્ધાંતના અનુરૂપમાં એટલું નોંધવું જરૂરી છે કે એક પીટીશનર વતીથી થયેલ કેટલીક અગત્યની દલીલો વિષે ન્યાયમૂર્તિ સાહેબે ચુકાદામાં વિચારણા કરી નથી.

અલબત્ત, ભારતીય સંવિધાનની કલમ ૨૨૭ હેઠળ થયેલ અરજીઓ પીટીશનોની વિચારણા કરતી વખતે, નામદાર હાઈકોર્ટ, નીચેની કોર્ટ દ્વારા અપાયેલ ચુકાદાઓમાંની ક્ષતિઓને બહુ મહત્વ આપ્યા વિના, સ્વતંત્ર રીતે જાણે પહેલી જ વાર નીચેની કોર્ટમાંના દાવા કે અરજીની સુનાવણી પોતે કરી રહી હોય તેમ તમામ મુદ્દાઓની નવેસરથી વિચારણા કરી ચુકાદો આપી શકે છે તેવું સુપ્રીમ કોર્ટ ઠેરવ્યું હોવાથી તે દ્રષ્ટિએ 'અનંતછાયા' વેચાણની બાબતમાં નામદાર ન્યાયમૂર્તિએ પોતાની રીતે સ્વતંત્ર વિચારણા કરી છે તે સંપૂર્ણ રીતે ન્યાયસર છે, ભલે તે ચુકાદા સાથે આપણે સહમત ન થઈએ તો પણ, તે સ્વીકારવું જ રહ્યું.

આ ચુકાદામાં વિવિધ કારણોની મુદ્દાઓની છણાવટ થઈ છે તેની ચર્ચા હાલપુરતી ટાળીએ અને જ્ઞાતિમાં હવે જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેની વિચારણા કરીએ તો આ ચુકાદાના સૂચિતાર્થો અનેક આયામો ધરાવે છે. તેમ છતાં, તેના સઘળા આંદોલનોમાં કેન્દ્રબિંદુરૂપે જે મુદ્દો ઉભરે છે તે એ છે કે હવે સમગ્ર જ્ઞાતિ માટે એક પ્રકારનો કસોટીકાળ આરંભાઈ ચૂક્યો છે અને તેમાં સૌ પોતપોતાની ભૂમિકા ભજવતી વખતે કેટલું વિશાળ જ્ઞાતિહિત અને જ્ઞાતિદાઝ દાખવશે તેનું સતત મુલ્યાંકન થતું રહેશે.

તે રીતે, ટ્રસ્ટીઓએ ગત એપ્રિલમાં ભાંડુપમાં બોલાવેલ સભામાં, હાઈકોર્ટનો ચુકાદો જે પણ આવે તે છતાં, 'અનંતછાયા' બાબતે ટ્રસ્ટીઓ જ્ઞાતિજનો અને જ્ઞાતિ

અગ્રણીઓ સાથે કોઈપણ પૂર્વાગ્રહ વિના વિચાર વિમર્શ કરી, જ્ઞાતિને સ્વીકાર્ય હોય તેવું સમાધાન લાવવા પ્રમાણિક પ્રયત્ન કરશે તેવું આપેલ વચન તેઓ હવે નિભાવે છે કે કેમ અને તે રીતે જ ટ્રસ્ટની અન્ય મિલકતોના પુનર્વિકાસ ઈત્યાદિ પ્રો તેઓ જ્ઞાતિને વિશ્વાસમાં લઈને કાર્યવાહી કરશે કે કેમ તેની કસોટી ટ્રસ્ટીઓએ પાર કરવાની છે.

આજ રીતે સમસ્ત મહાજન માટે પણ આગામી છએક માસ કપરી કસોટીના પૂરવાર થશે. ખાસ કરીને એટલા માટે કે 'અનંતછાયા'ના પ્રો, જ્ઞાતિના વિવિધ વસતી વિસ્તારોમાં જ્ઞાતિજનો સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ લગભગ ૧૦ મહીના પછી, સમસ્ત મહાજનશ્રીએ અનંતનાથજી ટ્રસ્ટને ડીસેમ્બર ૨૦૧૨માં પત્ર લખીને 'અનંતછાયા'નું વેચાણ થવું ન જોઈએ તેવો સમસ્ત જ્ઞાતિનો અભિપ્રાય છે તેમ જણાવ્યું. તેને બદલે ચેરીટી કમીશ્નર સમક્ષ 'અનંતછાયા'ના વેચાણ અંગેની અરજી પર સુનાવણી ચાલી રહી હતી તે દરમ્યાન જ તેમને મળેલ કાનૂની સલાહ મુજબ તે અરજીમાં પક્ષકાર બનવા ઈન્ટરવીનર તરીકે જોડાવવા સમસ્ત મહાજને અરજી કરી હોત તો આજે આ સમસ્ત પ્રામાં સુખદ નિરાકરણ આવી શક્યું હોત તે જેટલું ચોક્કસ છે, તેટલું જ ચોક્કસ એ પણ છે કે સમગ્ર જ્ઞાતિની ગતિવિધિઓમાં જેના પર મદાર રાખી શકાય તેવું કેન્દ્ર સમસ્ત મહાજન જ છે તેથી તેણે જ્ઞાતિમાં હવે જ્યારે પણ આવી સમસ્યાઓ કે પ્રો ઊભા થાય ત્યારે અસરકારક રીતે અને સમયસર પગલાં લેવામાં કોઈ ઢીલ કે કચાશ રાખવી તદ્દન અનુચિત ગણાશે. અન્યથા, આવી કેન્દ્રીય સત્તાનું અસ્તિત્વ ફક્ત શોભા-શણગારના દરજ્જાથી વિશેષ નહીં રહે.

તેવી જ રીતે, હવે 'અનંતછાયા'ના ભાડુતોની પણ વરવા રૂપે કસોટી થવાની છે. શું તેઓ 'અનંતછાયા'ના તેમના હાલના ફ્લેટો કે તેમને મળનાર નવા ફ્લેટો ફક્ત આપણા જ્ઞાતિજનોને જ વેચવાનો વણલખ્યો નિયમ કે શિરસ્તો ચાલુ રાખશે કે તેના બદલે તે ઈતર જ્ઞાતિવાળાઓને મોંઘામાં મોંઘી કિંમતે વેચીને અન્યત્ર પ્રયાણ કરશે અને જ્ઞાતિનાં નૂતન દેરાસરજીને તરછોડવાની સંવેદનશૂન્યતા દાખવશે કે ભવિષ્યમાં પણ 'અનંતછાયા' પર આપણી જ્ઞાતિનોજ બહુસંખ્ય વસવાટ જારી રાખીને તે મિલકત જાણે આપણી જ્ઞાતિની જ રહી છે તેવો પ્રભાવ પાડી શકશે?

અને તેવી જ રીતે અન્ય જ્ઞાતિ આગેવાનોની જ્ઞાતિદાઝની કસોટી થવાનો સમય પણ પાકી ગયો છે. અદાલતોમાં અમારી જ્ઞાતિના આગેવાનો અમુક રીતે વિચારે છે એવી રજૂઆતો તેમના તરફની કોઈ પણ નક્કર સાબિતીઓ વગર નકામી છે. આ કેસમાં આગેવાનોએ મુખ્યત્વે પ્રેક્ષક તરીકેની કે વચલો માર્ગ કાઢનાર તરીકેની જ ભૂમિકા ભજવવાનું પસંદ કર્યું એ ખેદની વાત છે.

એ વાતની પણ નોંધ લેવી રહી કે જ્ઞાતિ આગેવાનો ટ્રસ્ટીઓ જે કાંઈ કરી રહ્યા છે તેના સૂચિતાર્થો સમજવામાં મોડા પડ્યા અને તેઓ જાગ્યા ત્યાં સુધીમાં તો તેમની અર્ધસક્રિયતા પણ કંઈ સારું પરિણામ ન લાવી શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ ચૂકી હતી.

છેલ્લા દોઢ વર્ષમાં લગભગ ત્રણેક વખત જ્ઞાતિ આગેવાનોએ ભેગા મળીને એવો નીવેડો લાવવો જોઈએ કે કોઈને અદાલતમાં જવાની જરૂર ન પડે એવી વાતો થઈ પણ એવી એક પણ સભા ન થઈ એ બતાવે છે કે આપણા આગેવાનોમાં પણ પહેલવૃત્તિનો અભાવ છે. આ આગેવાનોએ પણ હવે એ કસોટી પાર કરવાની છે. એકબીજાને સારું લગાડવામાં વ્યસ્ત રહેવાને બદલે આવશ્યકતા હોય ત્યારે કડવું બોલીને પણ વિશાળ જ્ઞાતિહિતનું રખોપું કરવાની કેટલી નૈતિક હિમ્મત તેઓ ધરાવે છે એ વાત પણ કસોટીએ ચડશે.

સામાન્ય જ્ઞાતિજનો પણ પોતાના મતથી ચૂંટાયેલા ટ્રસ્ટીઓ કે અધિકારીઓ જનાદેશની વિરુધ્ધ વર્તતા હોય તો પોતે એ બાબત તેનો વિરોધ કરશે એવું લેખિતમાં કે રીક્વીઝીશન સભા બોલાવવાના આવેદનમાં અને સભામાં પણ સ્પષ્ટ વક્તા બનવાની કસોટીમાંથી પાર ઉતરશે ખરા?

ટ્રસ્ટીઓની અપારદર્શક અને મનસ્વી કાર્યપધ્ધતિ અંગેના મુદ્દા ચોક્કસ સંદર્ભમાં અદાલતને મહત્વના ન લાગ્યા એ બાબત બાજુએ મુકીએ તો પણ કમ સે કમ જ્ઞાતિના આગેવાનો તથા સામાન્યજનને તો તે મહત્વના લાગવાજ જોઈએ. જો એમ નહીં થાય તો એક વધુ અનર્થકારી લોજીક (ગતિશાસ્ત્ર) કામ કરતું થશે.

'અનંતછાયા'નો જ્ઞાતિ સાથેનો અનુબંધ પૂરો થઈ રહ્યો છે કે થઈ ગયો છે કે કેમ તે આવનાર સમય જ કહી શકશે. તે મિલકતની માલિકી ભલે બદલાય (તેનું હસ્તાંતરણ થાય) તો પણ ત્યાં મુખ્યત્વે આપણા જ્ઞાતિજનોનોજ વસવાટ ચાલુ રહેશે તો એ જ્ઞાતિનો ચિરકાલીન ઋણુનુબંધજ કહેવાશે.

તે જે થશે તે, પરંતુ 'અનંતછાયા'એ સર્જેલ વિવાદ વંટોળ હવે વધુ કર્કશતા, કટુતા અને ઉગ્રતાની ડમરીઓ ન સર્જે અને સૌ સંબંધિતો પૂર્વગ્રહો ત્યજીને વિશાળ મનથી એખલાસપૂર્વક જ્ઞાતિઐક્યની નિર્મળ ગંગોત્રીને પ્રવાહિત કરશે તો આ સંક્રાંતિકાળમાં સમગ્ર જ્ઞાતિ એક અઘરી કસોટીમાંથી ગૌરવપૂર્ણ સફળતા સાથે ઉત્તીર્ણ થઈ ગણાશે.

**- ર.**

|| અનંતસુખદાયક શ્રી અનંતનાથાય નમઃ ||
|| અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ||

# શ્રી અનંતનાથ દાદાના દરબારે
# આવ્યા ચાતુર્માસ વધામણા...

**ચાર્તુમાસ શુભ સ્થળ**



**શુભાશિષ**
સાહિત્યદિવાકર યુવાચાર્ય
પ.પૂ.આ.ભ.
**કલાપ્રભાસાગરસૂરીશ્વરજી** મ.સા

**શુભેચ્છા**
યતિવર્યશ્રી **મોતીસાગરજી** મ.સા





**આજ્ઞા-શુભાશીર્વાદ**
તપસમ્રાટ અચલગચ્છાધિપતિપ. પૂ. આ. ભ. શ્રી
**ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, મસ્જીદબંદરના આંગણે

'દસાઓની નવી દિશા'ને પ્રોત્સાહિત કરતું
જયણા અને જિનાજ્ઞામય આરાધનાઓથી ભરપુર

# ચાર્તમાસ મંગલમય પ્રવેશ પ્રસંગે
## પધારવા આત્મીય આમંત્રણ

શ્રી મુમ્બાપુરી નગરે...શ્રી મસ્જીદ બંદર સંઘે...શ્રી અનંતનાથ જિન પ્રાસાદે...શ્રી સંઘ ઉપાશ્રયે...
ઘરે ઘરે સર્વત્ર આનંદ-મંગલમય વાતાવરણ છવાયું છે
ધર્મપિપાસુ શ્રાવક શ્રાવિકાઓ આતુરતાથી ચાર્તુમાસની રાહ જોઈ રહ્યા છે.
મેઘને જોઈને મયુર નૃત્ય કરે તેમ સહુના અંતર આરાધનાના ગગનમાં નૃત્ય કરી રહ્યા છે.
આવા ઉત્સાહ અને ઉલ્લાસ થનગનતા સંઘમાં
તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ની આજ્ઞા એવં આશીર્વાદથી
એમના જ આજ્ઞાવર્તીની શાસન પ્રભાવિતા પ. પૂ. **જયલક્ષ્મીશ્રીજી** મ.સા. ના સુશિષ્યા
પ. પૂ. **જયદર્શિતાશ્રીજી** મ.સા. આદિ ઠાણા ૨ ચાતુર્માસાર્થ પધારી રહ્યા છે.

*પ્રેમે પધારજો...*
*ભાવે પધારજો...*

**એમનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૭, રવિવાર તા. ૧૪ જુલાઈના છે.**
**એમનું સામૈયું શ્રી ક. વિ. ઓ. મહાજનવાડીથી સવારના ૮.૩૦ કલાકે થશે.**
**સહુને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

*શાસન શોભા*
*વધારશોજી...*

કાર્યક્રમ દરમ્યાન 'શ્રી શત્રુંજય – મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમ' ના મેડલ શિષ્યવૃત્તિ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવશે.

જ્ઞાતિ ઉપક્રમે આયોજીત ૫૧ દિવસીય 'શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જાપ અભિયાન'ના કાર્ડ આપવામાં આવશે.

માતુશ્રી મધુરીબેન મુલચંદ લોડાયા (તેરા – મસ્જીદ બંદર) ની સ્મૃતિમાં દર બુધવારે ગરીબો માટે ખીચડી યોજનાનો
શ્રેષ્ઠિવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશીના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવશે



**ચાતુર્માસના મુખ્ય લાભાર્થી બનવાનો લાભ અમ પરિવારને પ્રાપ્ત થયો છે,**
**તે બદ્દલ મુંબઈ મહાજનશ્રી, અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી સંઘના અમો ખૂબ આભારી છીએ...**
**લી.**
**શ્રીયુત્ રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના જય જિનેન્દ્ર.**



# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડીયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧૨૮૦.
**મુંબઇ કાર્યાલય :** C/o.ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં.૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર ટોકીઝની સામે, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૮૦. ફોન : ૨૫૯૩૯૬૯૬
Email : sevakbharudiatrust@gmail.com • Website : www.sevakbharudiatrust.in

॥ શ્રી શાતિનાથાય નમઃ ॥ ॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી શિતલનાથાય નમઃ ॥

સહર્ષ જણાવવાનું કે આપણા ગામ સેવક ભરૂડિયા સંઘે આ વર્ષે પર્વાધિરાજ પર્યુષણ ઉજવવાનું નક્કી કરેલ છે. આ પવિત્ર ધાર્મિક તહેવારની ઉજવણીમાં સહભાગી થવા સર્વે સભ્યો, ગ્રામવાસીઓ, ગામની નિયાણી બહેનો સહપરિવાર પધારવા **હાર્દિક આમંત્રણ** પાઠવીએ છીએ. સંઘ તરફથી સાધર્મિકભક્તિ તથા રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવશે. તે વિષેના કાર્યક્રમ નીચે મુજબ છે.

પયુર્ષણ પર્વની શુભ શુરૂઆત શ્રાવણ વદ ૧૩ને રવિવાર તા.૨.૯.૨૦૧૩થી પુર્ણાહુતિ ભાદરવા સુદ ૬ને મંગળવાર તા.૧૦.૯.૨૦૧૩ના થશે.

પયુર્ષણ પર્વ દરમ્યાન થતા ખર્ચના નકરા નીચે પ્રમાણે રહેશે. વ્યક્તિગત અથવા સાથે જોડાઇને પણ લાભ લઇ શકાશે.

## પર્વમાં દૈનિક નકરા

| | | | |
|---|---|---|---|
| ૧) સવારના નવકારશી | રૂા.૩૦૦૦/- | ૨) બપોરનું ભોજન | રૂા.૫૧૦૦/- |
| ૩) બપોરની ચા | રૂા.૧૦૦૦/- | ૪) સાંજે ચૌવિહાર | રૂા.૩૦૦૦/- |

આખા દિવસની સાધર્મિક ભક્તિનો કુલ નકરો રૂા.૧૧૫૦૦/- રહેશે.
તે વિષેના માહિતી મુંબઇ કાર્યાલયે તા.૩૦.૭.૨૦૧૩ સુધી નામ નોંધાવવા નમ્ર વિનંતી.

## ખાસ નોંધ

૧. તપસ્વીઓના છઠ્ઠના પારણા તથા બપોરના સ્વામીવાત્સલ્યનો લાભ ધર્માનુરાગી દાનવીર શેઠ **શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી** પરિવારે લીધેલ છે.
૨. બહારગામ કે મુંબઇથી પર્યુષણ માટે આવવા ઇચ્છનાર વ્યક્તિઓએ પોતાના નામ અને ફોન નંબર સંઘની ઓફિસે તા.૩૦.૭.૨૦૧૩સુધીમાં ખાસ જણાવવાના રહેશે.
૩. જે પણ દાતાઓને ધાર્મિક અનુષ્ઠાન માટે પ્રભાવના કરવાની ઇચ્છા હોય તેમણે પોતાના નામ આગલા દિવસે ઓફિસમાં લખાવી દેવા વિનંતી. જેથી તેમના નામ બોર્ડ ઉપર લખી શકાય.

**વાર્ષિક સાધારણનો નકરો રૂા.૧૧૦૦૦/- નો લાભ નીચે મુજબના દાતાઓએ લીધેલ છે.**

**૧. કેસર પુજા-માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ**
**૨. ધૃત પુજા-માતુશ્રી વેજબાઇ કલ્યાણજી ધરમશી**
**૩. પક્ષાલ પુજા-માતુશ્રી તારાબેન કુંવરજી દંડ પરિવાર**
**૪. વાસક્ષેપ પુજા-માતુશ્રી કંચનબેન ગિરીશ દંડ**
**૫. ધૂપ પુજા-માતુશ્રી વેજબાઇ શામજી જીવરાજ દંડ**
**૬. ચંદન પુજા-માતુશ્રી નવલબેન નરશી ખીમજી દંડ**
**૭. ફૂલ પુજા - શેઠ શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી**

## સાધારણ ખાતું

સાધારણ ખાતામાં ફંડની હંમેશા જરૂર રહે છે. રૂા.૫૦૦૦/- કે તેથી વધુ ફાળો લખાવનારનું નામ એક વર્ષ માટે જિનાલયના સંકુલમાં બોર્ડ ઉપર લખવામાં આવશે. સૌને વિનંતી કે સાધારણ ફાળો જરૂરથી લખાવશોજી. દાનવીર **શેઠ શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી** તરફથી સંઘને રૂા.૫૧૦૦૦/- સાધારણ ખાતામાં મળેલ છે સંઘ એમનો ખૂબ ખૂબ આભારી છે.

**શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ વતી**
**પ્રમુખ તથા ટ્રસ્ટીગણ**

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**મુ.પો. દલતુંગી, તા. લાલપુર, જિ. જામનગર**

**પ્રિય ગામવાસી ભાઇઓ તથા બહેનો,**

દર વર્ષની જેમ આ વરસે પણ ધામધુમથી પર્યુષણ પર્વ ઉજવવાનું નક્કી કરેલ છે. તો સર્વે ગામવાસી ભાઇ-બહેનોને માદરે વતન દલતુંગી પધારવા ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

- પર્વાધિરાજ પર્યુષણ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩ને સોમવાર તા.૨.૯.૨૦૧૩થી ભાદરવા સુદ ૬ને મંગળવાર તા.૧૦.૯.૨૦૧૩ સુધી છે.
- સાધર્મિક ભક્તિ શ્રી સંઘના રસોડે ૧.૯.૧૩ના સાંજથી ૧૦.૯.૧૩ના બપોર સુધી ત્રણે ટાઇમ રહેશે.
- આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બે જણાં બહેનો અથવા ભાઇઓ આરાધના કરાવવા પધારશે.

તો ચાલો, રૂડા પર્યુષણ પર્વની ઉજવણી સૌ સાથે મળી દલતુંગી ગામે ઉજવીએ. વધુમાં વધુ સંખ્યામાં પધારવા વિનંતી.

**એજ લી.**
**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી**
**પ્રવિણ જેઠાલાલ લાપસીયા (પ્રમુખ) તથા**
**સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

## ગોરખડી તથા દ્રાફા પર્યુષણ પ્રસંગે આમંત્રણ

પર્યુષણ પર્વ તા.૨.૯.૧૩થી તા.૯.૯.૧૩ સુધી છે. તો બન્ને ગામવાસી જ્ઞાતિજનોને ભલામણ છે કે જરૂર પધારશો. આર્યરક્ષિત વિદ્યાપીઠથી આરાધના કરાવવા આવશે. તા.૧.૯.૧૩ સુધી આવી જવું. આ દિવસેથી જમવાની સગવડતા રાખેલ છે. પર્વ દરમ્યાન સ્થાનિક તથા મુંબઇથી આવેલ જ્ઞાતિજનોને પોતાના રસોડા બંધ રાખવા વિનંતી છે. નિયાણી બહેનો તથા દીકરીઓને પધારવા ખાસ વિનંતી છે. રહેવાની તથા અન્ય સગવડતા રાખેલ છે. ગોરખડી મિટિંગમાં ચર્ચા વિચારણા થશે. માસિક ખર્ચની વિગત નીચે મુજબ છે. પૂજારીનો પગાર રૂા.૪૦૦૦, ઇલેક્ટ્રીક બીલ રૂા.૧૦૦૦, પક્ષાલ દૂધ રૂા.૫૦૦, મહિનાનો કુલ ખર્ચ રૂા.૫૫૦૦, એટલે બાર મહિનો ખર્ચ કુલ રૂા.૬૬૦૦૦ છે. પર્વમાં સવારની નવકાશી રૂા.૨૫૦૦, બપોરનું જમણવાર રૂા.૫૦૦૦, સાંજનું ચોવિહાર રૂા.૨૫૦૦, તો આપની શક્તિ મુજબ નામ લખાવવા ખાસ ભલામણ છે. આ પર્વ ઉજવણીમાં વિવિધ લાભ લેવા સર્વ જ્ઞાતિજનોને ભલામણ છે. દર વરસે માદરે વતનમાં પર્વ આરાધના કરીએ એવી ભાવના રાખવી. સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ વાંદરાથી સાંજના ૫.૩૫ કલાકે ઉપડે છે.

**લી. શા. બાબુલાલ જીવરાજ લોડાયા (પ્રમુખશ્રી)**
**તથા ટ્રસ્ટબોર્ડના જય જિનેન્દ્ર**

## બાંઢીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન
## પર્યુષણ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

જેના શીખરે ૧૪૯મી વર્ષગાંઠની ધ્વજા ગગનમાં ગર્વથી લહેરાય છે. શીખરનાં દર્શન બે ગાઉ દૂરથી થાય છે. સમગ્ર અબડાસામાં એકમેવ મુળનાયક શ્રી વિમલનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણપર્વની આરાધના અર્થે પધારવા સર્વે બાંઢિયાવાસી જ્ઞાતિજનો અને નીયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પર્યુષણ પર્વ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩ તા. ૨.૯.૧૩થી ભાદરવા સુદ ૬ તા. ૧૦.૯.૧૩ સુધી સાધર્મિકભક્તિ મહાજનશ્રી તરફથી રાખવામાં આવેલ છે. નુતન અતીથીઘરની વ્યવસ્થા છે. આગમનની જાણ અગાઉથી કરવા વિનંતી જેથી સર્વ વ્યવસ્થામાં સુગમતા રહે.

**સંપર્ક :**
**શ્રી રાજેન્દ્રભાઇ લાલકા - 09427433348**
**શ્રી નરેન્દ્રભાઇ લોડાયા - 09727097721**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon - MH. 424101.

## Interesting Anecdotes

James Smithson, founder of the world famous Smithsonian Institute in Washington D.C, was a very unusual man in may ways. He had a knack for wry humour that was with him till the end. His fatal illness was one which the doctors had not been able to diagnose. When he realized that little time was left, he called his physicians and said, ' I want you to perform an autopsy to discover what is wrong with me. I am dying for you toe find out what it is !!

***Proverbs are lamps to life***

If you want a servant that you like, serve yourself.

2) He that would live in peace and at ease, must not speak all he knows, not judge all that he sees.

3) It is impossible to enjoy thoroughly unless one has plenty to do.

***Amazing facts***

2 million sweat glands in 3000 square inches of skin keeps your skin moist in summer.

2) Bones are 50% water.

3) Muscles are 75% water.

4) Every one of the 100 million cells of the human body requires fluid,

***Amazing figures***

South Asian countries lose 40 million tones of food every year to their 200 species of rats. Nearly 1700 species of rats exist in the world. On an average a female rat can produce 6 litters a year of about 100 rats each !

2) The world's biggest Scissors weighing 89 tonnes was built in former czechoslovakia. These scissors could cut metal up to 6 Millimeters Thick and 6 Meters in length

3) The newborn of the blue whale weighs 8000 lbs. It gains weight at the rate of 10 lbs per hour and drinks 100 gallons milk every day.

***Think over it***

It is not what we eat, but what we digest, that makes us strong.

It is not what we earn but what we save that makes us rich.

It is not what we read but what we remember, that makes us learned.

It is not what we profess but what we practice, that makes us great.

***Today's Word***

This week's word is **"Vladmir Soloukhin the Russian novelist".** Make as many words from this group of words and send it to Mrs. Neelam Dalesh Momaya. M/s. Damji Bhimji Co. Station Road, Chalisgaon-424101. The longest list wins a prize. This week's prize goes to **Pooja Rakesh Shah** for her 400 words Congratulations.

***By the by***

One should realize...
The dignity of simplicity,
The power of sincerity,
The wisdom of economy,
The worth of character
The power of kindness,
The influence of examples,
The pleasure of working,
The obligation of duty,
The joy of origination....

***The Last Laugh***

The taxi I boarded in Mumbai displayed the words "Exist" on the inside of the left door and "No Exist" on the right door. Trying to be helpful, I pointed out the spelling mistake to the driver. He said 'No mistake madam, try getting out of the right door on the busy road of Mumbai and see if you exist.

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

## મોટી સિંધોડી-મોમાયા પરિવારનું ગૌરવ



**શીતલ કેતન મોમાયા**

(મોટી સિંધોડી - મુર્તીજાપુર)

SSC - 90.91%

ચિ. શીતલે એસ.એસ.સી.માં સારા ગુણાંક મેળવી પરિવારનું નામ રોશન કર્યું છે. તે બદલ હાર્દિક અભિનંદન... અને ઉત્તરોતર ભાવિની શુભેચ્છાઓ...

**અમી આશિર્વાદ**

દાદા-દાદી : લક્ષ્મીબાઇ વેલજી દામજી મોમાયા
નાના-નાની : અરુણાબેન લાલજી મુલજી ધ્રોળ
મમ્મી-પપ્પા : દીપા કેતન મોમાયા
ફુઇ-ફુઆ : સૌ. લીના કમલેશ શીયાડ (ડોંબિવલી)
સૌ. સુજાતા મહેશ લાપસીયા (ડોંબિવલી)

## મોમાયા અને લોડાયા પરિવારનું ગૌરવ



૮૦.૨૦%

**કુ. શિવાની - ઉર્મિલા શૈલેશ મોમાયા**

વરાડીયા.

S.S.C. ૨૦૧૩ માં ઉત્તીર્ણ થયેલ છે, હાર્દિક અભિનંદન
આવી ઝળહળતી સફળતા મેળવવા બદલ અભિનંદન.
હજી પણ જીવનમાં સફળતાના શિખરો સર કરે
એવા અંતરના આશીર્વાદ

**ઉરની ઉર્મિયોને વધાવતાં...**

દાદા-દાદી
અ. સૌ. પુષ્પાબેન અને ચિમનલાલ શામજી મોમાયા - વરાડીયા.
નાના-નાની
સ્વ. રતનબાઈ અને ભવાનજી વિસનજી લોડાયા - મોટી સિંધોડી.


# Lagna Deep

Since 1984...

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૮૦૮૦૭
મો. ૭૬૬૬૬૮૮૮૮૧



પધારો... અસ્સલ કચ્છિયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બોઈડરી,
રીયલ ચોકબંધ ઘરચોળા

**First time ever Sale**
**Sale from 5th July to 20th July**
**Upto 40% Off**

**Sale 13**

• રીયલ બડકસબની સાડી • બોર્ડર • પીટ્ટા/તાર ભરતની સાડી • કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી, • બનારસી ઉપાડા અને ફેન્સી બઇંધણી
• જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

ઘરચોળા ની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે. (એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ) ગુરૂવાર બંધ




## દેશાવળનું આત્મીય વાતાવરણ

૨૪ જૂનથી ૩ જુલાઇ ૨૦૧૩ દરમ્યાન શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુરના આમંત્રણથી યોગ શિબિરના ઉપક્રમે જ્ઞાતિજનો સાથે ૧૦ દિવસ રહેવાનો અવસર મળ્યો.

અહીંની પરિવાર ભાવના, ધર્મભાવના, આતિથ્યભાવનાને નજીકથી જોઇને ખરેખર આનંદ થયો.

અહીંયા સંયુક્ત પરિવારની ઉત્તમ પ્રાચીન પ્રથા જળવાઇ છે. એકબીજાની હુંફે આગળ વધતા આપસમાં ખુબ જ સંપેલા છે. યોગ શિબિરના કાર્યમાં વ્યસ્ત હોવા છતાં અષાઢી બીજના સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીઓમાં સંપીને ગળાડુબ યુવાવર્ગ સર્જનાત્મક અને રચનાત્મક રીતે ઓતપ્રોત હતા.

વિશેષ અહીંની વહુઆરીઓની પ્રગતિ જોઇને આંખ ઠરી. સામાન્ય રીતે આપણને એમ થાય કે નાના શહેરમાં સ્વ-વિકાસ ન થાય પણ અહીંયા એવું નથી. વિવિધ રાજ્યોમંથી આવેલી દિકરીઓ પણ વહુ તરીકે નહીં દિકરી તરીકે જ અહીં આદર-માન-વહાલ પ્રાપ્ત કરે છે.

મોટા શહેરોની ભીડ પણ નહીં અને દૂરી પણ નહીં. સામાન્યરીતે ૧૫ કી.મી.માં ફેલાયેલા જ્ઞાતિજનો સહેલાઇથી હળીમળી શકે. દિકરી-વહુઓ ટુ-વ્હીલર શીખી લે છે એટલે મોબીલીટી વધી જાય. બીજાની ડીપેન્ડન્સી ન રહેતાં દરેક પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ ભજવી શકે, પોતાને ખીલવી શકે, અંદર ધરબાયેલી છુપી શક્તિઓને ઉજાગર કરવાની તક મળે છે. અહીં સમય અને પરિવારના વડિલોનો સહકાર-પ્રોત્સાહન પણ મળે.

પ્રસાર માધ્યમોની વ્યાપકતા-મોબાઇલ, નેટ વગેરેથી સૌ સાથેની કનેક્ટીવીટી જળવાઇ રહે છે એટલે પિયરથી દુરી નથી અનુભવાતી મોટા શહેરની હાડમારીઓથી આવેલું રૂક્ષપણું નાના શહેરોમાં નથી, આત્મીયતા છે, લાગણીની ભીનાશ અનુભવી શકાય છે.

**મુલુન્ડ ૧.૭.૧૩ - ગીતા જૈન**

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

## મિલકતો વેચીને તેઓ લાખના કેટલા હજાર કરવા માગે છે ?

'પ્રકાશ-સમીક્ષા'ના છેલ્લા ઘણા અંકોમાં મુંબઇ જ્ઞાતિ મહાજન તેમજ અનંતનાથજી ટ્રસ્ટના અમુક પદાધિકારીઓની ફક્ત નિંદા કે ટીકા જ વાંચવા મળે છે. તો શું તેમની પ્રશંસા થાય એવાં કાર્યો તેઓ કરતાજ નથી ? તેમની જે ટીકા થાય છે તેવા અમુક મુદ્દાઓનો સાર નીચે પ્રમાણે છે.

અમુક પદાધિકારીઓ પોતે જ્ઞાતિની મિલકતોના માલિકો છે એવી રીતે વર્તે છે.

તેઓ પોતાની જ ધોરાજી હાંકી રહ્યા છે. કોઇનું સાંભળતા નથી. (કોઇનું ભલે ન સાંભળે પણ તેમને માટે અપીલો બહાર પાડનાર જ્ઞાતિના આગેવાનોનું તો તેઓ સાંભળે કે નહિ ? કે પછી તેઓ તેમને પણ દરકિનાર કરી રહ્યા છે ?)

આપણા પ્રતિભાશાળી પૂર્વજોએ શરૂ કરેલી પ્રણાલિકાઓમાં તેઓ તોડફોડ કરી રહ્યા છે. જ્ઞાતિ પત્રીકાઓને મોકલવાની વિગતો તેઓ મોકલતા નથી. જ્ઞાતિમાં અંધેર ચાલ્યા કરે છે એવી છાપ તેઓ ઊભી કરવા માગે છે ? તેઓ છોકરમતપર ઊતરી આવ્યા છે. શું તેઓ પોતાની બાળક બુદ્ધિ છતી કરી રહ્યા છે.

મહાજન તેમજ ટ્રસ્ટના અમુક પદાધિકારીઓને જ્ઞાતિની સમસ્યાઓનું જ્ઞાન નથી અને જો હોય તો એ સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે લાવવું એની ગતાગમ નથી. આવા પ્રતિનિધિઓ રાજીનામું કેમ આપતા નથી એવું એક લેખકે પૂછ્યું છે. એના જવાબમાં એટલુંજ કહેવાનું કે રાજીનામું આપવા માટે તેઓ ચૂંટણીમાં ઊભા નહોતા રહ્યા. વળી રાજીનામું કોઇ સ્વેચ્છાએ આપતા નથી. એ તો આપણામાં તાકાત હોય તો આપણે રાજીનામું માગી શકીએ, શું મહાજન કે ટ્રસ્ટના બંધારણમાં રાજીનામું માગવાની કલમનો સમાવેશ કરવામાં આવ્યા છે ? જો એવો સમાવેશ ના હોય તો ચૂંટાયેલા પ્રતિનિધિઓને પાછા બોલાવવાના અધિકાર **(Right to Recall)** નો સમાવેશ કરવાની ઝુંબેશ શરૂ કરવી જોઇએ.

જ્ઞાતિની મિલકતો વેચીને પૈસા ભેગા કરવામાં આવશે એવું ચૂંટણી સમયે જાહેર કરાયું હોત તો આખી પેનલનો જ્ઞાતિજનોએ સફાયો કરી નાખ્યો હોત. મિલકતો વેચીને તેઓ લાખના કેટલા હજાર કરવા માગે છે ?

**ગાંધીધામ-૨૭.૬.૧૩ - શામજી પદમશી છેડા**

# પાસ થયા - હાર્દિક અભિનંદન


**ચક્ષુ સંદીપ મોતા**
ઘાટકોપર
SSC 90.18%


**કુણાલ તિલક ડાઘા**
માંડવી
B.E. Mech. (V) 77.50%


**ધીરજ અજય દંડ**
પુના
MBA (Mktg.) 73.75%


**હેતલ નિલેશ ધરમશી**
ડોંબિવલી
HSC 73.83%


**અંકિત હીરેન લોડાયા**
ડોંબિવલી
HSC 72.83%


**કિંજલ રાજેશ ખોના**
વડાલા
SSC 73.60%


**કનિષ્ક વીરેશ લુઠીયા**
કોલકતા
SSC 67%


**તન્વી વીરેશ લુઠીયા**
કોલકતા
F.Y.LL.B 65%


**ભુમી જયેશ શાહ**
અમદાવાદ
HSC 78.80%


**મૈત્રી નરેશ ધરમશી**
સુરેન્દ્રનગર
SSC 95.48%


**રિધ્ધી દિનેશ દંડ**
ડોંબિવલી
HSC 76.16%


**પ્રણવ રાજેશ જીવાણી**
ડોંબિવલી
B.Com 74.86%


**ભુમી પરેશ લોડાયા**
મુલુન્ડ
B.Com 73%


**રાહુલ કિશોર લોડાયા**
બોરીવલી
SSC 76.4%


**દેવાંગ ગિરીશ છેડા**
અમદાવાદ
SSC 92%


**અદિતી વીરચંદ મોતા**
બડગરા
B.Com 80%


**મયુરી મુલચંદ ખોના**
હુબલી
BBA - 74.54%


**દિપાલી લલિત ખોના**
હુબલી
PUC 94.16%


**મેહુલ લલિત ખોના**
હુબલી
SSLC 85.76%


**મયંક રાજેશ દંડ**
ભાંડુપ
SSC 86.36%


**કિંજલ જયેશ ખોના**
કલ્યાણ
B.Com 73%


**વૈષ્ણવી જયેશ ખોના**
કલ્યાણ
HSC 63.83%


**ઋષભ ગુલાબ પોલડીયા**
ભાંડુપ
HSC 79.45%


**હર્ષિતા ગુલાબ પોલડીયા**
ભાંડુપ
HSC 76.91%

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિનું એક દાનવીર કુંટુબ

'પ્રકાશ-સમીક્ષા'ના અંક ૨૫માં ઉપરોક્ત શીર્ષક હેઠળ પ્રગટ થયેલ લેખમાં છેલ્લે **ક્રમશઃ** લખેલું છે અને અંક નં.૨૬માં તેનો બીજો ભાગ પ્રગટ થયો છે. પણ શરતચુકથી ત્યાં **ગતાંકથી ચાલુ** એવી નોંધ નથી અને લેખના અંતમાં ભૂલથી ચંદ્રસેન મોમાયાનું નામ છપાયેલ છે, જેથી ગેરસમજ થાય કે આ લેખ તેમણે લખેલ છે પણ હકીકતમાં પ્રથમ ભાગની નોંધ તથા બીજા ભાગની શરૂઆતમાં મુકાયેલ નોંધમાં એ લેખના લેખક લખમશી હિરજી મૈશેરી છે. આ લેખ 'સ્વદેશ'ના ૧૯૨૪ના દિપોત્સવી અંકમાં પ્રગટ થયેલ તેથી તેમાની વિગતો ૮૯ વર્ષ પહેલાની સ્થિતી પ્રમાણેની છે જેમાં પાછળથી ફેરફાર થયા હોય એ શક્ય છે. જેની નોંધ લેવી.

## પરિચય–પ્રકાશ : શ્રી દિનેશચંદ વાલજી ધરમશી (સાયન)



કચ્છી માડુને કણમાંથી કણસલું અને કણસલામાંથી કમર કસી, કર્તવ્યની કેડી કંડારી ધાર્યા સપનાને સાકાર કરી, સિદ્ધિના શીખરે બીરાજીત થવું એને મન સહજ અને રમતવાત છે. પરસેવાના હર બુંદનો બુલંદીએ પહોંચાડી, અલ્પમાંથી અસીમ થવું એ એની ખાસીયત છે. !!

કઠોર પરિશ્રમ પરિણામલક્ષી પુરૂષાર્થ દૃઢ મનોબળ. ધાર્યા નિર્ણયના નિર્ણાયક આવા જ્ઞાતિજન એટલે શ્રી દિનેશચંદ વાલજી ધરમશી (સુથરી/સાયન)

ગઢગમાં ચાર ચોપડીનો અભ્યાસ કરી S.S.C. થઇ V.J.T.I માં ઇલેક્ટ્રીકલ ઇન્જીનીયરીંગનો ડીપ્લોમા કર્યો. દિલચશ્મીએ ઇન્સ્ટુમેશન રીફ્રીજેટરના પૂર્ણ કોર્સ કર્યો અને ઇલેક્ટ્રીકલ વ્યવસાયે વ્યસ્ત થયા.

સ્ટીલ બોલ બનાવનારી ભારતની મોટી કાં. ન્યુ હેવન સ્ટીલ બોલ કોરપોરેશનમાં જોડાઇ કાબેલીયતે કૌશલ્ય પ્રાપ્ત કર્યું. કામની નિપુણતા, નિષ્ઠા, નક્કી, વફાદારી અને પ્રમાણીકતા જેવા ગુણોને લક્ષમાં રાખી, કાં.ના ડાયરેક્ટરોએ ધંધાના વિકાસ પ્રચાર અને પસાર માટે તેઓશ્રીને લંડન, યુરોપ, જર્મની, ઇરાન, ઇરાક અને રશીયા જેવા આગેવાન દેશોમાં મોકલતાં જ્યાં ગયા ત્યાં સ્વપ્રતિભાએ કાં. અને ધંધાને આગળ ધપાવ્યો. સાહસિકતાએ સૂર પૂરાવ્યો અને ૨૧ વરસના અનુભવોની ચોપાટ માંડી ડયુપોન્ડ ઇન્ડસ્ટ્રીલ કોરના સ્ટેનલેસ સ્ટીલ બોલ બનાવવાની નાના પાયે શ્રીગણેશ કર્યાને પાસા પોબાર પડયા.

ઉપરોક્ત કાં ના દરેક મશીન અને પાર્ટસ સ્વ સુઝ-બુઝ અને સમજથી જાતે બનાવી ભારત સાથે દુનિયામાં પ્રથમ ક્રમાંકે નામ નોંધાવ્યું !!

મોરના ઇંડાને ચીતરવા ના પડે. ગળગુથીમાંથી સાહસિકતા અને સાહસના ગુણે અલંકૃત ઉપરોક્ત ફેક્ટરીનું સફળ સંચાલન તેઓશ્રીના પુત્ર લક્ષ્મીરાજ તથા પૌત્ર કૌશલ કાંડાના કૌશલ્યે કંડારી રહ્યા છે. જીગરમાં જોશ અને હૈયે હોંશથી પ્રગતિના સોપાને છે માદરે વતન અને ગામ માટે ગૌરવ ધરાવતા શ્રી દિનેશભાઇએ થોડા વરસ અગાઉ સુથરીમાં પણ સ્ટીલ બોલ બનાવવાની ફેક્ટરી નાખી નાતને આશ્ચર્યમાં નાખી દીધેલ !

તેઓશ્રી કૃષી ક્ષેત્રે પણ કામયાબ હોઇ વતને જવું, જઇને જોવું, નવા નિર્માણ કરવા, શોધખોળ કરવી, પ્રયોગ કરવા માંડવીની વિવેકાનંદ ઇન્સ્યુટીટ સાથે પણ સંલગ્ન છે.

વિશ્વમાં પ્રખ્યાત ધાતુની સોસાયટી-અમેરીકન સોસાયટી ફોર મેટલ્સ U.S.A. સાથે સાથે ૩૫ વરસથી કાર્યરત રહી, ૩ વરસ સુધી ચેરમેનપદ શોભાવનાર પ્રથમ ભારતીય અને જ્ઞાતિજન છે. આવા કાર્યે યુ.એસ.એ તરફથી ઓનરરી મેમ્બરશીપ પ્રાપ્તકર્તા છે.

સુર્યશક્તિના પ્રચારક શ્રી હિરા રતન માણેકના સિદ્ધાંતોના ચાહક હોઇ. અનુભવ સૂર્યકિરણો ઉપાસના મુંબઇ-ભાવનગર-ગોવા તથા ભુજ કેન્દ્રોનું ૭૭ વરસની ઉંમરે પણ તનથી તંદુરસ્ત અને મનથી પ્રસન્ન રહી સ્ફુર્તિપૂર્વક સંચાલન કરે છે.

***– લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)***


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

**જૈન ટ્રાવેલ્સ**

**ભુજ-કચ્છ**

**લક્ઝરી બસ 2 X 2 - 41 સીટર**
**લક્ઝરી બસ 3 X 2 - 56 સીટર અને**
**જાયલો તથા દરેક નાની-મોટી એસી/ નોન એસી ગાડીઓ ભાડેથી મળશે.**

**કચ્છ પધારો ત્યારે અમારો અવશ્ય સંપર્ક કરો. ભુજ-ગાંધીધામ રેલ્વે સ્ટેશને ઉતારવા આવી જશું. સારા ડ્રાઇવર સાથે સારી ગાડી આપશું.**

સંપર્ક :
**જૈન ટ્રાવેલ્સ – ભુજ**
સોમચંદ એલ. લોડાયા
Mob. : 09427241029 / 09978400844
નીમેશ એસ. લોડાયા
Mob. : 08306111166




**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## 'અનંતછાયા'નું વેચાણ હાઇકોર્ટે માન્ય રાખ્યું

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો 'અનંતછાયા'નું વેચાણ કરવા ચેરીટી કમિશનરે મંજૂરી આપેલ તેને પડકારતી ડૉ. લક્ષ્મી ખોના અને ચંદ્રસેન મોમાયાની અલગ-અલગ રીટ પીટીશનો મુંબઇ હાઇકોર્ટના નામદાર ન્યાયમૂર્તિ શ્રી નીતિન જામદારે ૪.૭.૧૩ના ચુકાદા દ્વારા અમાન્ય ઠેરવી છે.

## મુમુક્ષુ કલ્પ લાજેશ ખોનાનું અકસ્માતે નિધન



૧૮ વર્ષીય, દિક્ષાર્થી કલ્પ લાજેશ શાંતિલાલ ખોના (તેરા-મુલુન્ડ)નું ૨ જુલાઇ ૧૩ના પનવેલ ખાતે અકસ્માતમાં દેહાંત થતા જ્ઞાતિમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. કલ્પ છેલ્લા ૪ વર્ષથી પૂ.આ.શ્રી યુગભુષણસુરિ મ.સા.ની પ્રેરણાએ ગુરૂકુલવાસમાં અભ્યાસ કરતો હતો. પુજ્યશ્રીના મુલુન્ડ ચાતુર્માસ દરમ્યાન તેને દિક્ષા લેવાના દૃઢ ભાવ જાગ્યા હતા.

સાધુ ભગવંતોની વૈય્યાવચ્ચ, જૈન અભ્યાસમાં રૂચિ, ઉપધાન તપ, પાત્રિસીયું, અઠ્ઠાઇ, વર્ધમાન તપ, ૯૯ યાત્રા આદિ આરાધના કરનાર કલ્પ પનવેલ ખાતે આવેલ ઉપાશ્રયે પગપાળા વિહાર કરી જઇ રહ્યો હતો. અન્ય મુનિઓ વિહાર દરમ્યાન આગળ નીકળી ગયા હતા. દરમ્યાન તેમને પનવેલ ખાતે ટેમ્પોએ અડફેટે લેતા અને ખુબ લોહી વહી જવાથી હોસ્પીટલ લઇ જતી વેળાએ જ તેનું મૃત્યુ થયું હતું.

ચિ. કલ્પ ખોનાના અકસ્માત મૃત્યુથી સમગ્ર સમાજમાં શોકની લાગણી પસરી છે. તેમની અંત્યસંસ્કાર વિધિ તથા ભાવયાત્રામાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સદ્ગતના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રાર્થનાસહ શ્રદ્ધાંજલિ.

## રાપરગઢવારી તીર્થે ધજા મહોત્સવ સંપન્ન

રાપરગઢવારી તીર્થે ૧૭.૬.૧૩ થી ૧૮.૬.૧૩ દરમ્યાન ધુમધામથી ધજા મહોત્સવ ઉજવવામાં આવેલ.

૧૬.૬.૧૩ મુંબઇથી ૧૦૮ યાત્રિકો ગયેલા હૈદ્રાબાદથી શ્રી લલિતકુમાર ટોકરશી લોડાયા પરિવારનાં સ્નેહીઓ, સગા સંબંધીઓ મળી ૩૨ જણાં પધારેલ.

૧૭.૬.૧૩ના સવારે ૧૦.૧૦ વાગે પૂ. મુનિશ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં નૂતન ઉપાશ્રય સંકુલનું મંત્રોચાર દ્વારા ઉદઘાટન થયેલ.

આ ઉપાશ્રય વિ.સ.૧૯૬૭માં માતુશ્રી પુનબાઇ પાસુભાઇ ધનજી મોતા પરિવારે બંધાવેલ. વિ.સ. ૧૯૯૪માં માતુશ્રી જેતબાઇ શામજી કરમશી પરિવારે એની જોડે ગોચરીખંડ બનાવી આપેલ. વિ.સ.૨૦૫૨માં બન્ને માળખાપર નવસર્જન કરીને સંપુર્ણતયઃ નુતન ઉપાશ્રય સંકુલ માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવારે શ્રી સંઘને સબહુમાનપૂર્વક અર્પણ કરેલ છે.

બપોરનાં ૨.૩૦ કલાકે ૧૮ અભિષેક અનુષ્ઠાનનો લાભ માતુશ્રી વેલબાઇ લઘુભાઇ હીરજી લોડાયા પરિવારે લીધેલ જેમાં અત્રે પધારેલ યાત્રિકો, સ્થાનિકો તથા આસપાસથી આવેલ ભાવિકો મળીને ૨૩૦ની સંખ્યામાં હર્ષભેર સહભાગી થયા.

૧૮.૬.૧૩ સવારનાં ૯ કલાકે સત્તરભેદી પુજા થયેલ ૧૦.૩૦ કલાકે ધજાનોં લાભ લેનાર હેદ્રાબાદવાલા માતુશ્રી દેવકાંબાઇ ટોકરશી લોડાયા પરિવાર હસ્તે લલિતકુમાર લોડાયાના હસ્તે ધજા ચડાવાઇ.

ત્યારે પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી સૌ. ચંદ્રીકાબેન લલિતકુમાર લોડાયા એમના તરફથી દેરાસરમાં પ્રભુજીનાં ગંભારા માટે સુંદર મજાનું જરી વર્કવાળું છોડ અને તોરણ અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે ૨૮૫ ભાવિકો પધારેલ અને નજીકથી વાવાલાપરા પંચતીર્થીના જ્ઞાતિજનો તથા દેરાસરના

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

અગ્રણીઓ પધારેલ. મા.દેવકાંબેન ટોકરશી લોડાયા પરિવાર હ. લલીતભાઇ તરફથી ચિ. દિપેશ, વિરેન અને રીતીકાના હસ્તે દરેક યાત્રિકને કાંસાના બે બાઉલ ગીફ્ટ પેકમાં પ્રભાવના થઇ.

સાંજે ભુજમાં ચોવિહાર કરી ધજા મહોત્સવની યાદો વાગોળતા ટ્રેન દ્વારા સૌ પરત ફર્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

જખૌ મહાજન વ્ય. સમિતિની સભા ૨૯.૬.૧૩ના સાંજે મુલુન્ડમાં મળી હતી વર્ષ ૨૦૧૧-૧૨ના અન્વેષિત હિસાબો અને વર્ષ ૨૦૧૨-૧૩ તૈયાર કરાયેલ વાર્ષિક હિસાબો કોષાધ્યક્ષ શ્રી અશ્વિન મૈશેરીએ રજુ કર્યા જેને ચર્ચાવિચારણા બાદ બહાલી અપાઇ. આવેલ પત્રવ્યવહારનું વાંચન થયું. વ્ય. સમિતિમાં ખાલી થયેલ બે બેઠકોપર શ્રી નયન રમેશ મોમાયા અને શ્રીમતી જયાબેન સુરેશ લોડાયાની નિમણુંક કરાઇ.

મહાજનશ્રી જ્ઞાતિ વસતીપત્રક સમિતિને ૮મા વસતીપત્રક માટે રૂા.૩૧ હજાર, પાલીતાણામાં વરસીતપ નિમિતે સમુહપારણાં ફંડમાં રૂા.૧૧ હજાર આપવાનું નક્કી કરાયું. સ્થાનિકે એકાકી-જરૂતમંદ જ્ઞાતિજનોને સંઘના કાયમી ભોજનાલયમાં વાર્ષિક ટીફીનની સાધર્મિક ભક્તિમાં ૩ જણાનું અનુદાન મહાજનશ્રી તરફથી અપાય છે. તે મુજબની બે વર્,ની રકમ ટ્રસ્ટ ફંડમાં મોકલી આપવા નક્કી થયું.

પર્વ પર્યુષણ આરાધનાર્થે સંઘરૂપે જવાનું આયોજન છે. સ્થાનિક ઉપરાંત અંદાજે ૧૫૦ જણાં પર્વ ઉજવવા જશે.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંચ-ધુલીયા

ઉનાળાના વેકેશનની મજાઓ માણી નવા ઉત્સાહ સાથે ૧૧.૬.૧૩ના મહિલામંચની સભા સૌ. કાંતાબેન ચંદ્રકાંત શાહના નિવાસસ્થાને સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપદે મળેલ. પ્રથમ નવકારમંત્રથી શરૂઆત થઇ. સૌ. કાંતાબેને સૌનું સ્વાગત કરેલ.

મહિલામંચ તરફથી 'વર્ષાઋતુ'નું ચિત્ર દોરવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધેલ. જેમાં પ્રથમ સૌ. ભાવનાબેન તૈલેષ ભાટે તથા દ્વિતીય સૌ. શીતલબેન પરેશ ભાટે વિજેતા થયા નિર્ણાયક તરીકે સૌ. સંગીતાબેન અમિત સોલંકીએ સેવા આપેલ. વિજેતાઓને સૌ. કાંતાબેન તરફથી ઇનામ આપવામાં આવેલ.

અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ. શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પાસ થયેલ સહુ સભ્યોને અભિનંદન આપવામાં આવેલ. સરપ્રાઇઝ ગેમમાં સૌ. ઉષાબેન દિલીપ નાગડાને મહિલામંચ તરફથી ઇનામ આપવામાં આવેલ. સૌ. કાંતાબેન આભાર વિધિ કરેલ.

## બેલ્લારી-ગુજરાતી મહિલા સેવા મંડળ

અત્રે ૩.૬.૧૩ના શ્રીમતી સરલા વિજય મૈશેરીના ઘરે મંડળની મિટિંગ યોજાઇ. પ્રાર્થનાગીત બાદ મંડળે એકત્ર કરેલ રૂા.૭૫૦૦માંથી ગરમીના બે મહિના સૌ.નવલબેન સોમચંદ મુનવરે સૌને છાશ પીવડાવી અને મંડળને હિસાબ આપ્યો. ચર્ચા વિચારણા બાદ સૌ. સરલાબેને બે ગેમ્સ રમાડી. પીઠપાછળ લખેલા કાર્ડમાંથી નામ શોધી કાઢવામાં પ્રથમ સૌ.નીતા શરદ મૈશેરી તથા દ્વિતીય સૌ. નયના શાહ તેમજ બીજી એક્શન ગેમમાં પ્રથમ સૌ. શ્વેતા હિતેશ શાહ તથા દ્વિતીય સૌ. નીતા શરદ મૈશેરીને ઇનામ મળ્યા. સૌ. કલ્પનાબેન શાહને સરપ્રાઇઝ ઇનામ અપાયેલ. અંતમાં કિચન ક્વીન હાઊસી રમાડવામાં આવી. સરલાબેન તરફથી પુરસ્કાર વિતરીત કરવામાં આવ્યા બાદ સૌ જમીને છૂટા પડ્યા.

મંડળ તરફથી મહિલા મંડળની બહેનોને હમ્પી-હોસ્પેટ પિકનિક લઇ જવામાં આવેલ. બસથી સવારે ૯.૩૦ વાગે હમ્પી પહોંચ્યા જ્યાં કમલાપુર, મ્યુઝિયમ, શિવમંદિર, ગણેશ મંદિર તેમજ વિવિધ ઐતિહાસિક સ્થળોના દર્શન કરી દેરાસરમાં દર્શન કરી જમીને સાંજે હોસ્પેટ પહોંચ્યા. જ્યાં પ્રાકૃતિક સુંદરતા નિહાળતા હરી-ફરીને વર્ષાઋતુની મજા માણી સૌ. સરલાબેને તથા સૌ. ચાર્મીબેને બે ફિલ્મી ગેમ્સ રમાડી જેમાં સૌ. નીતા શરદ મૈશેરી, સૌ. પ્રજ્ઞા હીરાચંદ મૈશેરી, સૌ. નયના શાહ, સૌ. નેહા શાહ વિજયી રહ્યા. અંતે મંડળ તરફથી હાઊસી ગેમ રમાડી ઇનામ વિતરણ કરવામાં આવેલ. સાંજે ચા-નાસ્તો કરી જમીને રાતે બેલ્લારી પહોંચ્યા.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## ડીસેમ્બરમાં કચ્છમાં સમુહ લગ્નોત્સવ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા અધ્યક્ષ શ્રી જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલના માર્ગદર્શન હેઠળ જ્ઞાતિનો આગામી સમુહ લગ્નોત્સવ કચ્છમાં ૮ ડિસેમ્બરે યોજાનાર છે. સમુહલગ્નનાં ફોર્મ ભરવાનું કાર્ય શરૂ થઇ ગયેલ છે. કચ્છ, મુંબઇ, દેશ દેશાવરનાં ગ્રુપનાં કાર્યકરો પાસેથી સમુહલગ્નમાં જોડાવવા માટેના ફોર્મ મળી શકશે. સમુહલગ્નમાં જોડાવવા ઇચ્છુક પાર્ટીઓએ તુરત જ ફોર્મ મેળવી-ભરી મોકલી આપવા ગ્રુપ દ્વારા જણાવાયું છે.

## કચ્છમાં નિ:શુલ્ક નોટબુક વિતરણ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા દાતા શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી શ્રી જયેશભાઇ જૈન, ગોવિંદજીભાઇ પટેલ તથા કિરણભાઇ દંડનાં માર્ગદર્શન હેઠળ સમાજનાં જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુકો વિતરણ કરવામાં આવેલ. વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર ભુજ, ચન્દ્રકાન્ત મુનવર કોઠારા, મનીષાબેન એલ. લાપસીયા ગાંધીધામ તથા મીનાબેન વી. મૈશેરી માંડવીએ સંભાળી હતી.

## સાંયરા

અત્રે ૨૧.૬.૧૩ના કાંતાબાઇ મણીલાલ તરફથી મહાકાળીની ભાવના હતી. ૨૨.૬.૧૩ના શાંતિલાલ તેજપાર મોમાયા (ગાંધીધામ) તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. અને શાળામાં અને જ્ઞાતિ પરિવારોને પ્રભાવના હતી. મા. વાલબાઇ દામજી ધ્રોળ પરિવાર તરફથી રૂા.૧૦નું સંઘપૂજન હતું.

## બડગરા-કલીકટ મહિલામંચ

મંચની બેઠક સૌ. હિરવંતી હીરજી દંડના ઘરે નવકાર મંત્રથી શરૂ કરેલ. વેલકમ ડ્રીંક આપી બધાનું સ્વાગત કર્યું. મંચની પ્રવૃત્તીઓની ચર્ચા કરેલ. હીરાંવતીબેને મુખવાસની રેસીપી બતાડેલ. એકજ હાથે સાણસીમાં લીંબુ પકડવાની ગેઇમ રમાડેલ તેમાં પહેલા હંસા ભરત મોમાયા તેમ બીજા ગુણવંતીબેન ઠાકરશી લોડાયા આવેલ. મંચના નવા પદાધિકારીઓ : પ્રમુખ ભારતી બી. લોડાયા સેક્રટરી શુશીલા બી. ખોના, ખજાનચી લીલા કે લોડાયા ચૂંટાયા. એકમ મહિલા મંચની વર્ષ ૨૦૧૧-૧૨ માટેની જવાબદારી બડગરા-કલીકટ મંચે સભાંળેલ આ વરસથી બેંગ્લોર મંચને સુપરત કરેલ છે.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-નાગપુર

મંચની સભા તથા મહાકાળીમાંની ભાવના સૌ. મોહિની તરૂણ મૈશેરીના ઘરે ૧૭.૬.૧૩ યોજાઇ.

'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવા 'રોટલીની ભાખવડી', શીખવાડવામાં આવી હતી. ત્યારબાદ બે મિનિટમાં શક્ય એટલી સાડીની ઘડી કરવી એ રમત રમ્યા. જેમાં પ્રથમૉ સૌ. મીના મુકેશ મૈશેરી તથા દ્વિતીય સૌ. તરલા નયન લોડાયા આવ્યા. ત્યારબાદ અન્ય મહત્વના મુદ્દાઓ વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી.

સૌ. અંજુ પ્રતાપ ધરમશી તરફથી રૂા.૧૦૧/-, સૌ. મીના મુકેશ મૈશેરી તરફથી રૂા.૧૦૧/-, અંજના ચીમન પટેલ તરફથી રૂા.૧૦૧/- અને સૌ. સુમતિ હરીશ લોડાયા તરફથી રૂા.૧૦૧/- મહિલામંચને ભેટ મળેલ.

શ્રી દેવચંદ જેઠાભાઇ છેડા (કાંદીવલી) તરફથી રૂા.૨૫૧/- જીવદયા ખાતે મહિલામંચને ભેટ મળેલ છે.

## અમલનેર મહિલા મંચ

૨૧.૬.૧૩ના સ્વ.શ્રી નીતિન નવીનચંદ્ર કુરવા (અહમદનગર)ના અવસાન નિમિત્તે મા.ભારતીબેન ધનજી લોડાયાના નિવાસસ્થાને સમુહ સામાયિક રાખવામાં આવેલ. પરિવાર તરફથી પ્રભાવના હતી.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-કારંજા/મુર્તિજાપુર

મંચની બેઠક ૧૭.૩.૧૩ના સૌ.મધુબેન મણીકાંત મોતાના ઘરે મળેલ. સાથે ડબ્બા પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. સ્વાદીષ્ટ ભોજન બાદ ગેમ્સ રમાડવામાં આવી. પહેલી એક મિનીટ ગેમમાં પસારેલા પત્તાઓમાંથી જોડી બનાવવાની હતી. જેમાં પ્રથમ સૌ. પાયલ જીનન લોડાયા અને દ્વિતીય સૌ. રૂપા નંદીશ લોડાયા આવેલ. બીજી ગેમમાં એક પેપર ઊપર ૧ થી ૬ સુધી નંબર લખેલા હતા જેમાં કોઇ ચાર નંબર ઊપર તમણે મન ગમતી ગીફ્ટ રાખવી અને ડાઇસ ફેકવું જો નંબર આવે તો ગીફ્ટ મળે. આ ગેમ બાળકોને પણ રમાડવામાં

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

મુમુક્ષુ કલ્પ લાજેશ ખોનાના અકસ્માતે અકાળ અવસાનથી આપણે આશાસ્પદ યુવા ગુમાવ્યો છે. સદ્‌ગતને ભાવભીની શ્રદ્ધાંજલિ...
ચિ. કલ્પની અલ્પ પણ ધર્મમય જીવનયાત્રાએ સમાજ સમક્ષ ફરી એકવાર શ્રમણ વિહારયાત્રાની સલામતીના પ્રશ્ને સઘન વિચારણા કરવા મજબુર ર્ક્યા છે.
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમોત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

આવી. બધાંને પ્રોત્સાહન આપવામાં આવેલ. ગેમ બાદ કોમલબેને ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના વિષે સમજાવેલ. ઠંડા પીણાની મજા માણી સૌ છુટા પડ્યા.

બીજી બેઠક ૨૩.૪.૧૩ના સૌ. દર્શના જીગ્નેશ લોડાયાના ઘરે મળેલ. નવકાર મંત્રપઠન બાદ એક મિનીટની ગેમ જેમાં ઊલટો શર્ટ પહેરી અને તેના પોકેટમાં કોઈન નાખવાના હતા. આ ગેમમાં પ્રથમ વિજેતા સૌ. યોગિતા બિપીન ગોસર અને દ્વિતીય સૌ. નેહલ આશીષ મોતા આવેલ.

મંચની બેઠક ૧૩.૬.૧૩ના સૌ. કોમલબેન દિલીપ લોડાયાના ઘરે મળેલ. નવકાર મંત્ર પઠન બાદ કોમલબેને નવકાર મંત્રનું અર્થ સમજાવેલ. અનાનુપૂર્વી અને આત્મરક્ષા મંત્ર (ક્ષી ય ૐ સ્વાઃ) નું અર્થ સમજાવેલ. એ પછી આ મંત્ર એક મિનીટમાં કોણ સૌથી વધુ વાર બોલે છે એની સ્પર્ધા યોજી. જેમાં પ્રથમ સૌ. પાયલ જીનન લોડાયા અને સૌ. હર્ષા નીશાંત ગોસર આવેલ. ત્યારપછી એક મિનીટમાં સૌથી વધુ શ્રૃંગારની વસ્તુઓ પહેરવાની ગેમમાં પ્રથમ વિજેતા સૌ. કેતકી દીપક ગોસર અને દ્વિતીય સૌ. યોગીતા બિપીન ગોસર આવેલ. વિજેતાઓને પ્રોત્સાહન ઇનામ આપી ઠંડા પીણાની મજા માણી સૌ છુટા પડ્યા.

## શ્રી વરાડીયા જૈન મહિલામંચ-મુંબઇ

૨૩.૬.૧૩ના મંચ આયોજિત એક દિવસીય લોનાવાલા પીકનીકમાં ૫૨ ભાઇઓ-બહેનો જોડાયા હતા. વરસાદની મોસમમાં તુંગારલી નદીમાં જોસથી વહેતા પાણીમાં તરબોળ થયાનો આનંદ માણેલ. ચાર દેરાસર તથા નારાણણી માતાજીના મંદિરના દર્શનનો લાભ લીધેલ. લોનાવલામાં નવકારશીના દાતા મા. ખમાબેન ફતેચંદ મોમાયા (વરાડીયા) તથા બપોરે અને સાંજના ભોજનના દાતા નિર્મલાબેન મુકેશ મોમાયા (વરાડીયા) રવિ કેટરર્સ તથા તેમના ભાઇઓ શ્રી પ્રશાંત તથા હેમંત શામજી મોતા (નલીયા)નું મંચ દ્વારા બહુમાન કરવામાં આવેલ. વરાડીયાના જિનાલય જિર્ણોધ્ધાર ફંડમાં મંચ તરફથી રૂા.૨૫૦૦૦/- તથા મંચની નિયાણી બેનો તરફથી રૂા.૩૧૦૦૦/- નો ફાળો લખાવેલ છે.

## શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ

એકમની કાર્યકારિણી સમિતિની સભા ૩૦.૬.૧૩નાં બેંગ્લોરના કચ્છી-ભવનમાં મળેલ. જેમાં હુબલી, હૈદ્રાબાદ, બેંગલોર, કોચીન, કલીકટ, બડગરા, બેલ્લારી વગેરે સ્થળેથી સભ્યોની બહોળી હાજરી રહી.

એકમ ક્ષેત્રનાં જે જ્ઞાતિજનો તથા ૧૮.૪.૧૩નાં અરિહંતશરણ થયેલ ઉપપ્રમુખ શ્રી રમેશચન્દ્ર પ્રેમજી લોડાયા (હૈદ્રાબાદ)ને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી બે મીનીટ મૌન પાળવામાં આવેલ.

એકમનાં પ્રમુખ શ્રી ખુશાલચંદ ધનજી ધરમશીએ સર્વેનું સ્વાગત કરેલ. એકમક્ષેત્રનાં યુવા/યુવતીઓને પ્રવૃત્તિઓમાં સક્રિયતા લાવવા તથા ફોરમો તથા મહિલામંચોને સક્રિય કરવા વિવિધ કાર્યક્રમો ગોઠવવા અનુરોધ કરેલ. એકમના લાઇફ મેમ્બર્સ વધારવા અપીલ કરી.

એકમના નવા ઉપપ્રમુખ તરીકે શ્રી મણીકાન્ત મેઘજી મોમાયા (વરાડીયા/હૈદ્રાબાદ)ની નીયુક્તિ કરવામાં આવી. માનદમંત્રી શ્રી સતીશ દેવજી શાહે એકમનાં હિસાબો તથા અત્યારસુધી એકમ ભવનમાં થયેલ પ્રગતિનો અહેવાલ આપેલ.

કલ્પવૃક્ષ યોજના બાબતમાં બોન પ્લાન્ટેશન એન્ડ એક્ષપોર્ટ લીમીટેડ, કોચીનના ડાયરેક્ટર શ્રી મણીકાન્ત પદમશી મોતા તથા શ્રી શ્રીકુમાર ઐક્યતા ચેરીટીઝ, કલ્પવૃક્ષ ચેરીટીઝ તથા એકમની કાર્યકારિણી સમિતિનાં સભ્યો વચ્ચે ચર્ચા વિચારણા કરવામાં આવી.

કચ્છી ભવનમાં એકમની ઓફીસ માટેના અગાઉ જાહેર કરાયેલ રૂા.૧૧ લાખનાં નકરાનો લાભ શ્રી મણીકાન્ત મેઘજી મોમાયા (વરાડીયા-હૈદ્રાબાદ) તથા શ્રી સતીશ દેવજી મૈશેરી (નલીયા-બેંગ્લોર) લીધેલ જેને બધા સભ્યોએ હર્ષથી વધાવી લીધેલ. હવે ૧૧ રૂમો જેનો દરેકનો નકરો રૂા.૨૫૧૦૦૦/- છે તે માટે લાભ લેવા જ્ઞાતિજનો અપીલ કરાઇ. હૈદ્રાબાદ મહાજનના પ્રમુખશ્રી મણીકાન્ત મેઘજી મોમાયાનું આમંત્રણ સ્વીકારી આ વર્ષની વાર્ષિકસભાનું આયોજન હૈદ્રાબાદમાં ૨૯.૯.૧૩ના ગોઠવવાનું નક્કી થયું.

## નલીનપુર નારી નિગમ

સંસ્થાના ઉપક્રમે ૧૪.૬.૧૩ના 'અચીજા' પાર્ટી હોલમાં યોજાયેલ વાર્ષિક ઉત્સવમા ૫૬ સભ્યોએ ભાગ લીધેલ. વિવિધ ગ્રુપ ગેમ્સ રમીને સભ્યોએ હળીમળી આનંદ માણ્યો. 'અચીજા'નું સુંદર ભોજન માણીને સભ્યો મધુર યાદો સાથે છૂટાં પડ્યા. નવા સભ્યોની નોંધણી


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

ચાલુ છે. આગામી કાર્યક્રમ ગુજરાતી નાટક, કાલીદાસ હોલ, મુલુન્ડ (વે)માં ૧૧.૭.૧૩નાં રાખવામાં આવેલ છે.

૨૫ અને ૨૬.૯.૧૩ના યોજેલ ચૈત્યપરિપાટી અને પીકનીકમાં સાપુતારા, વણી, દેવલાલી, બાલાજી મંદિર, મુક્તિધામ, ધર્મચક્ર, શહાપુર વગેરે સ્થળોનો સમાવેશ હશે. નામ નોંધાવવા ૩૦.૮.૧૩ સુધી સંપર્ક : હીના લોડાયા-૯૮૨૦૩૧૮૩૪૫ અને પૂર્વી છેડા-૯૯૨૦૩૨૮૬૦૨.

## શ્રી નલિયા તિર્થે ચાતુર્માસ પ્રવેશ

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નાં આજ્ઞાવર્તી પૂ.સા.શ્રી દિવ્યકિરણાશ્રીજી, હર્ષકિરણાશ્રીજી અને આનંદકિરણાશ્રીજી મ.સા. આ.ઠા-૩ ચાતુર્માસાર્થે ૧૯.૭.૧૩ના પ્રવેશ કરશે. એ પ્રસંગે પધારવા આમંત્રણ છે.

## ઘાટકોપરમાં મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વી.સી. સંઘના સથવારે ૨૬.૭.૧૩ના સવારે ૧૦ થી ૪ દરમ્યાન અનંતછાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : અજય લોડાયા-૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે રજીસ્ટ્રેશનના રૂા.૫૦/- કેમ્પમાં ભરવાના રહેશે.

## અનંતનાથ જિનાલયે મંગલ ચાતુર્માસ પ્રવેશ

મુંબઇ મહાજનશ્રી, અનંતનાથ ટ્રસ્ટ અને મસ્જીદબંદરે સંઘના ઉપક્રમે શ્રી અનંતનાથ જિનાલયના ઉપાશ્રયે ચાતુર્માસ આરાધના નિશ્રાર્થે પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી અને પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજી મ.સા.નો ચાતુર્માસ મંગલ પ્રવેશ રવિવાર ૧૪.૭.૧૩ના સવારે ૯.૪૫ કલાકે ચીચબંદર વાડીથી ભવ્ય સામૈયાથી થશે. સકલસંઘ સાથે વાજતે ગાજતે પુજ્યશ્રીઓ અનંતનાથ ૨૪ જિનાલય તીર્થે પધારશે. દર્શન-વંદન બાદ પુજ્યશ્રી માંગલિક પ્રવચન ફરમાવશે.

પુજ્યશ્રીની નિશ્રામાં અષાઢ વદ ૧૦થી ભાદરવા પુનમ સુધી ૫૧ દિવસ ઓછામાં ઓછા ૧૦૮ ઉવસગ્ગહરં સ્તોત્ર જાપ અભિયાન રહેશે. સમસ્ત જ્ઞાતિસ્તરે આ જાપ લેખન અનુષ્ઠાનમાં ભાગ લઇ શકાશે. નામનોંધણી અને જાપ કાર્ડ લખી પાછા મોકલવા મહાજનશ્રી કાર્યાલયે સંપર્ક કરવા જણાવાયું છે.

ચાતુર્માસ પ્રવેશદિને શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ જ્ઞાન અભ્યાસક્રમના પ્રથમવર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને મેડલ અને શિષ્યવૃતિ એનાયત કરી પ્રોત્સાહન-અનુમોદના કરાશે. સમગ્ર ચાતુર્માસના મુખ્ય લાભાર્થી શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી) છે.

પુજ્યશ્રીની પ્રેરણા-માર્ગદર્શને ચાતુર્માસ આરાધનામાં વિવિધ તપ, જાપ, અનુષ્ઠાન, પુજન, મહોત્સવ, સરસ્વતી સાધના, સ્પર્ધાઓ, ધાર્મિક પ્રવૃતિઓ સહ ઉજવણી કરાશે. સર્વેને ભાગ લેવા આમંત્રણ છે. દર રવિવારે બપોરે ૨ થી ૪ બાળશિબિર તથા દર બુધવારે ૨ થી ૪ બહેનો માટે શિબિર રહેશે.

મસ્જીદબંદરે દર બુધવારે માતુશ્રી મધુરીબેન મુલચંદ લોડાયા (તેરા)ની સ્મરણાર્થે ગરીબોને ખીચડી આપવાની યોજના આરંભ કરાશે.

## ટ્રાન્સપોર્ટ ઉપયોગી વેબસાઇટનું ઉદ્ઘાટન

ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે સંકળાયેલા શ્રી ચેતન દિનેશ લોડાયા (મુલુન્ડ) અને તેમની ટીમે તૈયાર કરેલ www.indiantransportsolutions.com ટ્રાન્સપોર્ટરો માટે ઉપયોગી વેબસાઇટનું લોકાર્પણ ૩૦.૬.૧૩નાં વાશીમાં યોજાયેલ.

વેબસાઇટની વિશેષતા જણાવતા ચેતનભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે આ પ્રકારની વેબસાઇટ ટ્રાન્સપોર્ટરોના ઉપયોગ માટે રજૂ થઇ રહી છે. ટ્રાન્સપોર્ટરો માટે એકજ વેબસાઇટમાં બધી સંલગ્ન ઉપયોગી માહિતી, માલ મોકલનાર અને ટ્રાન્સપોર્ટરો પોતાના માલની વિગતો, કે ગાડીની ઉપલબ્ધતા સભ્ય બન્યા બાદ ડાયરેક્ટ એપ્લીકેશન કરી શકે છે. જે બન્ને પક્ષોએ ફાયદાકારક સાબીત થઇ શકે છે.

જી.પી.એસ. સીસ્ટમ વાહનમાં બેસાડી પોતાના વાહનની ઝડપ, રૂટ, અંતર, લોકેશન વગેરે જાણી નિયંત્રીત કરી શકાય છે. આ ઉપરાંત આ ઉદ્યોગને લગતી સંલગ્ન અનેક પુરક માહિતીઓ મુકવામાં આવી છે જે જન સાધારણ માટે ઉપયોગી થશે. આ સાઇટ પર જવા માટે તેના સભ્ય બનવાની જરૂર નથી.

શ્રી ચેતનભાઇ લોડાયા અકસ્માતે અપંગ થયા છતાં રસ લઇને ટ્રાન્સપોર્ટ વ્યવસાય માટે ઉપયોગી વેબસાઇટ તૈયાર કરી છે એ બદલ હાર્દિક અભિનંદન.

વધુ માહિતી મેળવવા માટે સંપર્ક : ચેતન દિનેશ લોડાયા, ૪૩૨, ગ્રોહિત્તમ બિલ્ડીંગ, સેક્ટર નં.૧૯, વાશી, નવી મુંબઇ. www.indiantransportsolutions.com, Mob. : 09320061511/09320261511.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સરલા નવીનચંદ્ર દંડ** | એ-૧૭, ગૌરીનંદન, શ્રીખંડેવાડી, માનપાડા રોડ, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૧ |
| **પારસ પદમશી નાગડા** | એ-૨૨, પ્રભા એપા. રવિ પાટીલ ગ્રાઉન્ડ, તુકારામનગર, આયરે રોડ, ડોંબિવલી (ઇ) |
| **નવીન વેલજી સોની** | પ્લોટ ડી-૪, પુજા એવેન્યુ, ભાટીયા સમાજવાડી પાસે, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦ |
| **કિશોર આર. નાગડા** | એલ.વી.ટી. ડીલક્સ એપા. બીજે માળે, વીરેશ્વરનગર, મુલગંદ રોડ, ગદગ-૫૮૨૧૦૩ |
| **ભરત મણીલાલ લાપસીયા** | ૨૮, ગૌરવ નિવાસ, ગોગ્રાસવાડી, પાથરલી રોડ, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૧ |
| **રમેશ વી. લોડાયા** | ફ્લેટ ૩-સી, કાંકાદુર્ગાભવન, ૩-૪-૨૫૫, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૫૦૦૦૨૭ |
| **હીરાચંદ ત્રીકમજી ગોસર** | ગાયત્રી એપા. ગાયત્રીનગર, ઇનાનીજીન, કારંજા (લાડ) - ૪૪૪૧૦૫ |
| **મણીલાલ આર. લોડાયા** | ૧૪, સાઇકૃપા, ઠાકુરવાડી, કાલુનગર, દીનદયાલ રોડ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨ |
| **રતનશી વેરશી પોલડીયા** | ૩૦/૭૧૩-એ, આશાપુરા કૃપા, CHOLAMVAYAL બડગરા ૬૭૩૦૧૦ ફોન : 04962512624 |
| **કીર્તીકુમાર નેણશી મોમાયા** | કચ્છી સેનેટોરીયમ, ન્યુ તુંગારલી રોડ, લોનાવલા (વે), ૪૧૦૪૦૧ |
| **ડૉ. તારક ગુલાબચંદ પોલડીયા** | બી-૧૩, કૈલાસ-કિરણ ૨, ૨૦ તિલક રોડ, યુનીવર્સલ સ્કુલ પાસે, ઘાટકોપર (ઇ), મુંબઇ-૭૭ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **જતીન નવીનચંદ્ર દંડ** | ડોંબિવલી | 08655224229 | **પ્રજેશ રતનશી પોલડીયા** | બડગરા | 09349004400 |
| | | 09167717718 | **ચાંદની પ્રજેશ પોલડીયા** | બડગરા | 09020369888 |
| **રતનશી વેરશી પોલડીયા** | બડગરા | 09387125999 | **ડૉ. તારકચંદ ગુલાબચંદ પોલડીયા** | ઘાટકોપર | 09869186730 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળક અને માતાના નામ સાથે જન્મનોંધ મોકલવી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૬.૧૩ | ડોંબિવલી | SNMA010304 | કલ્પરાજ-ધ્વનિ/પ્રિયેશ મહેન્દ્ર (પીર) લોડાયા | સુથરી | પુત્ર |
| ૨૯.૫.૧૩ | ગઢશીસા | GDKR040203 | ભુમિત-દમયંતી/ઉપેશ લક્ષ્મીચંદ કુરવા | ગોધરા | પુત્ર |
| ૧૯.૬.૧૩ | ડોંબિવલી | ARLO010303 | રૂદ્ર-દક્ષા/મયંક નવીન લોડાયા | આરીખાણા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૬.૧૩ | હુબલી | JKNG120504 | ભાવિન નરેશ હીરાચંદ નાગડા | જખૌ | ૨૬ |
| | કારંજ | TRLO040503 | મહીમા મહેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | તેરા | ૨૧ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮.૬.૧૩ | મલાડ | A | નિહીર નિકુંજ ગુલાબચંદ શાહ | રાજપર | ૨૫ |
| | અંધેરી | SULO012205 | મનાલી નરેશ રાયચંદ લોડાયા | સુથરી | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૪.૧૩ | યવતમાલ | NLLO100304 | મેહુલ ભરત મણીલાલ લોડાયા | નલીયા | ૨૭ |
| | મુલુન્ડ | JKKN020503 | ધારા રાજેશ આણંદજી ખોના | જખૌ | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪.૬.૧૩ | કારંજા | NLKN040201 | રતનબાઇ પદમશી ખેતશી ખોના | નલીયા | ૮૦ |
| ૨૯.૬.૧૩ | વડાલા | VVLO140401 | નવીનચંદ રામજી માડણ લોડાયા | વારાપધર | ૬૯ |
| ૦૨.૭.૧૩ | મુલુન્ડ | TRKN021004 | કલ્પ લાજેશ શાંતિલાલ ખોના | તેરા | ૧૮ |
| ૦૪.૭.૧૩ | મસુર | KRLI020801 | પદમશી ચાંપશી ચત્રભુજ લાપસિયા (ભાટે) | કોઠારા | ૭૫ |


જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam ...*
ફુરસદનો સમય ! ફાયદાનો સમય !!
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો • પાનેતર • બાંધણીઓ
વગેરેમાં રેડી સ્ટોક પર વિશેષ વળતર....
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારા કુવા સામે, મુંબઇ- ૪૦૦ ૦૦૨. **Tel. : 22413995 / 22402786**

# હાર્દિક અભિનંદન



## શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા

**ગામ : વરાડિયા (કચ્છ), હાલ હૈદરાબાદ**

**સંસ્થાપક : ગૌરવ કેટરર્સ, હૈદરાબાદ**

શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદના પ્રમુખ તરીકે આપના ચૂંટાઈ આવવા બદલ અમને સહુને ખૂબ આનંદ થયો છે. આપ- શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના પ્રથમ વ્યક્તિ છો, જેઓ શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ બાબત આપણા સમગ્ર જ્ઞાતિજનો માટે ગૌરવની વાત છે. આપના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદ પ્રગતિના ઉચ્ચત્તમ સોપાનો સર કરશે તેવી આશા છે. મંડળને આપના બહોળા અનુભવ અને દીર્ઘદ્રષ્ટિનો લાભ મળશે તથા મંડળની પ્રવૃત્તિઓને વધુ બળ મળશે.

આપના પ્રેરક અને સંનિષ્ઠ માર્ગદર્શન તથા સહયોગથી શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદ પ્રગતિના પંથે સતત આગળ ધપતું રહેશે તેવી શ્રધ્ધા સાથે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...

---

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

Estd.1978

44B, "Kutchi Bhawan" 1st Main Road
J. P. Nagar • 3rd Phase, Opp. Mini Forest, Bangalore - 78
Phone : 2658 - 6798 / 99 • M : 09886106912
E-mail dbkdo.jainekkam@yahoo.in

**President : Khushalchand D Shah**
Mob : 09844002300

**Secretary : Satish D Shah**
Mob : 09845049000

---

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન :

અલપઈ, બડગરા, બાગલકોટ, બેંગલોર, બેલગામ, બેલ્લારી, બીજાપુર, કલીકટ, ચેન્નઈ, કોઈમ્બતુર, કોચીન, દાવણગીરી, ગદગ, ગોવા, હાવેરી, હુબલી, હૈદ્રાબાદ, કોપલ, કુમટા, પોંડીચેરી, રાયચુર, સેલમ, શીરશી, તીરુપુર.

।। દેવાધિદેવ શ્રી શાંતિનાથાય નમઃ ।।

નમો નમઃ ગુરૂ શ્રી ગૌતમ-સુધર્મા-આર્યરક્ષિત-જયસિંહ-કલ્યાણ-ગુણ-ગુણોદય-કલાપ્રભાબ્ધિસુરિભ્યો નમઃ

# શ્રી સાંઘવ નગરે શ્રી શાંતિનાથ પ્રભુની છત્રછાયામાં...

પૂ. મુનિરાજ **શ્રી કંચનસાગરજી મ.સા.**ના ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે ...

એવમ સંઘની ભોજનશાળા તથા અતિથિગૃહના ઉદ્‌ઘાટન પ્રસંગે સકલ શ્રી સંઘને પધારવા

# આવકારભર્યું આમંત્રણ

ચાતુર્માસ પ્રવેશ : અષાઢ સુદ-૧૨, શુક્રવાર તા.૧૯.૭.૧૩ * ઉદ્‌ઘાટન સમારોહ : અષાઢ સુદ-૧૩, શનિવાર તા.૨૦.૭.૧૩

## ગુરૂજનોની અમી આશિર્વાદ વર્ષા



પ.પૂ. ગુરૂદેવ અચલગચ્છાધિપતિ
આચાર્ય ભગવંત
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.



શાસન પ્રભાવક અચલગચ્છાધિપતી
પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.



સૌમ્યસ્વભાવી પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી
મ.સા.



સરળ સ્વભાવી પરમ તપોનિધિ
પ.પૂ.મુનિરાજ
શ્રી કંચનસાગરજી મ.સા.



પ.પૂ.ગણિવર્ય
શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.



પરમ ગુરુદેવ આચાર્ય દેવેશ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના
શિષ્યરત્ન સાંઘવ પ્રન્યાસપ્રવર
ગણિવર્ય શ્રીમદ્ ભદ્રશીલ વિજયજી
મ. સા.



શાસન પ્રભાવક પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ
સાંઘવરત્ન
આ. ભ. શ્રીમદ્ વિજયગુણશીલસૂરીશ્વરજી
મ. સા.



પ. પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયકુલશીલસૂરીશ્વરજી
મ. સા.



પ.પૂ. યતિવર્ય
શ્રી મોતીસાગરજી સમાનંદજી મ.સા.

### દિવ્ય કૃપા

સાંઘવગામના
પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિશ્રીજી મ.સા. * પ.પૂ.સાધ્વીશ્રી ઇન્દ્રશ્રીજી મ.સા.

### મંગલ નિશ્રા

પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા
પ.પૂ. સાધ્વીશ્રી જયકીર્તિશ્રીજી મ.સા.
પ.પૂ. સાધ્વીશ્રી કોમલગિરાશ્રીજી મ.સા. આદિ ઠાણા

### શુભાશિષ

સાંઘવગામના સમતાનિધિ પ.પૂ. સાધ્વીવર્યાશ્રી નિર્મમાશ્રીજી મ.સા.
જ્ઞાનનિધિ પ.પૂ.સાધ્વીવર્યા શ્રી ઇન્દુરેખાશ્રીજી મ.સા.
પ.પૂ.સા.શ્રી મૌનગુણાશ્રીજી મ.સા. (વિપુલ પરિવાર)

## કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| શુક્રવાર, તા.૧૯.૭.૧૩ | સવારના ૧૦.૩૦ કલાકે | પ.પૂ. મનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.નો ચાતુર્માસ મંગલ પ્રવેશ |
| | બપોરના ૨.૦૦ કલાકે | શ્રી પંચકલ્યાણક પૂજા |
| | રાતના ૮.૦૦ કલાકે | અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના |
| શનિવાર તા.૨૦.૭.૨૦૧૩ | સવારના ૯.૦૦ કલાકે | ભોજનશાળા તથા અતિથિગૃહનું ઉદ્‌ઘાટન |
| | બપોરના ૨.૦૦ કલાકે | શ્રી વાસ્તુપૂજા |
| | રાતના ૮.૦૦ કલાકે | પ્રભુજીની ભક્તિ ભાવના |
| રવિવાર તા.૨૧.૭.૨૦૧૩ | સવારના ૮.૩૦ કલાકે | સકલ સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન |

**ઉપરોક્ત પાવન પ્રસંગે આપ સૌ જરૂરથી પધારજો... શાસન શોભા વધારજો...**

**સંપૂર્ણ ચાતુર્માસના લાભાર્થી :**
**માતુશ્રી લક્ષ્મીબેન નરશી ચત્રભોજ દંડ પરિવાર હ. શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ (મુલુન્ડ)**




## અતિથિગૃહ રૂમના દાતાશ્રી

સ્વ. કોરબાઇમા લાડણ રામૈયા લોડાયા (સાંઘવ)ના સ્મરણાર્થે
શા. ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) સહપરિવાર

સ્વ. કેશવજી રામૈયા રતનશી લોડાયા (સાંઘવ)ના સ્મરણાર્થે
શા. ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) સહપરિવાર

સ્વ. પદમશી જેઠાભાઇ રામૈયા લોડાયા (સાંઘવ)ના સ્મરણાર્થે
શા. ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) સહપરિવાર

માતુશ્રી ધનબાઇ વેલજી લાડણ લોડાયા (સાંઘવ)ના સ્મરણાર્થે
શા. ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) સહપરિવાર

## અતિથિગૃહ હોલના દાતાશ્રી

સ્વ. માણેકજી કેશવજી રામૈયા લોડાયા
(સાંઘવ)ના સ્મરણાર્થે
શા. ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) સહપરિવાર



## સંકુલના ભૂમિ દાતા

શેઠ શ્રી સ્વ. કાનજી ભારા દંડ (સાંઘવ)
સ્વ.શેઠ શ્રી લક્ષ્મીચંદ કુંવરજી જેઠાભાઇ નાગડા પરિવાર
(સાંઘવ-જલગામ/મુંબઇ)
માતુશ્રી વીરબાઇ રાઘવજી વેલજી લોડાયા
હસ્તે : અ.સૌ. કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા
(સાંઘવ-મુલુન્ડ)

### ભોજનશાળા દાતાશ્રી

માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી ચત્રભોજ દંડ
ના સ્મરણાર્થે
પૂત્ર-પૂત્રવધુ :
અ.સૌ. કલ્પનાબેન શામજી દંડ
પૌત્ર-પૌત્રવધુ :
અ.સૌ. ડીમ્પલ સમીર દંડ
પૌત્રી :
અ.સૌ. લક્ષા નેમ વિરચંદ સોની (સુથરી)
પરદોહીત્ર : ઋષભ, પરદોહીત્રી : જાનવી

### અતિથિગૃહના દાતાશ્રી

માતુશ્રી મણીબાઈ માણેકજી કેશવજી લોડાયા
ના સ્મરણાર્થે
પૂત્ર-પૂત્રવધુ :
અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા (લોખંડવાલા)
પૌત્ર-પૌત્રવધુ :
શ્રીમતી જસ્મીની અતુલ લોડાયા
પૌત્રી :
શ્રીમતી માધવી રાહુલ ખોના
પરપૌત્રી : ઉર્ઝા, વીહા, પરદોહીત્ર : વીર

આ મહોત્સવ પ્રસંગે શ્રી અચલગચ્છ સંઘ અને
જ્ઞાતિના માન્યવર અતિથિઓ અને મહાનુભાવો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશે.

## નિમંત્રક

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (સાંઘવ) અને ટ્રસ્ટીગણ
સંપર્ક : 08980071024

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ıday of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પધારો સાંધવ નગરે શ્રી શાંતિનાથ પ્રભુની છત્રછાયામાં ત્રયાન્હિકા મહોત્સવે...
# હેતાળ હૈયામાં છે, આપના સ્વાગતના અરમાન !

દેવ-ગુરૂની અસીમ કૃપાએ સાંધવગામના આંગણે શ્રી શાંતિનાથ દાદાનું ભવ્ય સોહામણું જિનાલય, ઉપાશ્રય, અતિથીગૃહ અને ભોજનશાળાના સંકુલ પરિસરની પુર્ણતાથી વડીલોએ વાવેલ ધર્મસંસ્કારનું બીજ સૌના સાથ સહકારે ઉછરીને ઘટાદાર ગૌરવરૂપ શીતલ છાંયડો અને મધુરા ફળ આપતું વટવૃક્ષ બન્યું છે. આજે આ ભીતરી પરિતોષને પોંખવાનો અવસર આવ્યો છે જેમાં આપ સૌની ઉપસ્થિતિ આનંદના ઉત્સવને મહોત્સવ બનાવશે. હેતાળ હૈયામાં છે, આપના સ્વાગતના અરમાન...

## સમારોહ માં પધારનાર અતિથિઓ તથા મહાનુભાવો

| | | |
|---|---|---|
| શ્રીમાન શ્રી નયન અશોક ભેદા | વારાપધ્ધર | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા | લાખણીયા | વડાલા |
| શ્રીમાન શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| શ્રીમાન શ્રી કલ્પેશ માણેકજી મોતા | રાપરગઢ | ઘાટકોપર |
| શ્રીમાન શ્રી હીતેશ માણેકજી મોતા | રાપરગઢ | નેપીયન્સી રોડ |
| શ્રીમાન શ્રી જયેશ ભાગચંદ જૈન | કોઠારા | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા | આરિખાણા | મુલુન્ડ |
| માતુશ્રી કાંતાબાઈ મુરજી લોડાયા | સાંધવ | દાદર |
| શ્રીમાન શેઠશ્રી ગોવિંદજી થોભણ દંડ | સાંધવ | વાલકેશ્વર |
| શ્રીમાન શ્રી પદમશી કુંવરજી લોડાયા | સાંધવ | કોલકાતા |
| શ્રીમાન શ્રી લક્ષ્મીચંદ જીવરાજ ખોના | સાંધવ | હુબલી |
| શ્રીમાન શ્રી પદમ લધુભાઈ સોની | સુથરી | જુહુ |
| શ્રીમાન શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા | સુથરી | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી જય વિરચંદ સોની | સુથરી | જુહુ |
| શ્રીમાન શ્રી ચેતન મેઘજી મોતા | વારાપધ્ધર | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી વિનોદ વિરચંદ ડાઘા | વરાડીયા | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી મહેન્દ્ર વેરશી ગડા | ખારૂવા | ફોર્ટ |
| શ્રીમાન શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા | રવા | ચેમ્બૂર |
| શ્રીમાન શ્રી પ્રતાપ ચાંપશી લોડાયા | તેરા | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી ઠાકરશી મેઘજી ગોસર | બાયઠ | ઘાટકોપર |
| શ્રીમાન શ્રી શીવજી કુંવરજી વિકમશી | રાણપર | પરેલ |
| શ્રીમાન શ્રી રાજેન્દ્ર કાંતીલાલ મોતા | રાયધણજર | મુલુન્ડ |
| શ્રીમાન શ્રી સંજય નવિનચંદ્ર ધરમશી | સુથરી | પૂના |
| શ્રીમાન શ્રી ઠાકરશી કેશવજી ગડા | નાના રતડીયા | માટુંગા |
| શ્રીમાન શ્રી કેશવજી માણેક ગડા | નાના રતડીયા | કોટ |
| શ્રીમાન શ્રી પદમશી લખમશી લાલકા | વારાપધ્ધર | ગાંધીધામ |
| શ્રીમાન શ્રી તરૂણ ડી. ધરમશી | સુથરી | જુહુ |
| શ્રીમાન શ્રી ચંદ્રકાંત લધુભાઈ લોડાયા | રાપરગઢ | ઘાટકોપર |
| શ્રીમાન શ્રી નાનજી વેલજી નાગડા | નરેડી | મુંબઈ |
| શ્રીમાન શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંઢીયા | અમદાવાદ |

## ટ્રસ્ટીગણ

શ્રી શામજી નરશી દંડ - મુલુન્ડ

શ્રી વીરચંદ મેઘજી ખોના - ડોંબિવલી
શ્રી રસીક દેવરાજ લોડાયા - મુલુન્ડ
શ્રી પ્રવિણ કુંવરજી મોતા - ડોંબિવલી
શ્રી વિપુલ ઠાકરશી લોડાયા - મુલુન્ડ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**